


વર્ષ : ૨૩ ઓગષ્ટ : ૨૦૦૨ અંક : ૧૧

## * સાધનામાં ભયસ્થાન *

સાધનાના માર્ગમાં અલૌકિક અનુભવો પણ બહુ થોડા સાધકોના ભાગ્યમાં હોય છે : ને તે પણ સાધકની કસોટી કરનારા નીવડે છે. ધ્યાનાવસ્થામાં કોઈ સિદ્ધપુરુષ કે દેવતાનું દર્શન કરીને અથવા સમાધિની આછીપાતળી અનુભૂતિ મેળવીને વધારે ભાગના સાધકો પોતાને કૃતાર્થ માની બેસે છે, ને સિદ્ધ પુરુષોમાં પોતાની ગણતરી કરાવે છે. કેટલાક બીજાને તારવા માટે ગુરુ થઈને નીકળી પડે છે. પણ એ સાધનાનું મોટામાં મોટું ભયસ્થાન છે, એ યાદ રાખવું જોઈએ. બીજાને તારવા નીકળતાં પહેલાં માણસે પોતે પૂરી રીતે તરવાની જરૂર છે, ને પોતાની જાતને અપૂર્ણતા, અશાંતિ, ભય, ભેદ તેમ જ બંધનમાંથી તાર્યા પછી બીજાના તારણહાર થઈ શકાય છે. આધ્યાત્મિક અનુભવોની વિવિધતાથી આનંદ થાય છે ખરો, પણ તે અવસ્થા સાધકની કસોટી કરનારી છે. પરમશાંતિ, મુક્તિ, પૂર્ણતા કે પરમાનંદનો પ્રવાસી એવા કામચલાઉ આનંદથી પોતાને બડભાગી કે કૃતાર્થ માની લઈને પુરુષાર્થ છોડીને બેસે એ તેને માટે આત્મહત્યા જેવું લેવાશે. જુદા-જુદા અનુભવોથી સાધકનો આનંદ વધવો જોઈએ તેની ના નથી. પણ તેથી આત્મિક વિકાસના માર્ગમાં તેની શ્રદ્ધા વધુ મજબૂત બનવી જોઈએ, ને ઉત્સાહ ને આશા સાથે પૂર્ણતાની છેલ્લી ક્ષણ લગી તેણે સાધના કરવી જોઈએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦

વિદેશમાં રૂા. ૨૫૦-૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧. ફોન : **૨૦૨૧૬૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી સદ્‌ગુરુચરણે અર્પણ | તંત્રી | ૩ |
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| મારી નજરે પૂ. શ્રી યોગેશ્વરજી | ડો. અરૂણા ઠાકર | ૧૨ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજી એક વિરલ વિતરાગી સંત | યોગદાસ | ૧૪ |
| યોગ–જ્યોત–ગૌરવ શું કામ? | તંત્રી | ૧૯ |
| પ્રેરક સંદેશ | મા સર્વેશ્વરી | ૨૦ |
| યોગજ્યોત–ગૌરવ વિજેતા વિદ્યાર્થીઓ | સેવક ટ્રસ્ટી | ૨૨ |
| યોગ–જ્યોત–ગૌરવ સમારોહ | શાન્તિકુમાર પંડયા | ૨૫ |
| સમારોહના પ્રતિભાવો | — | ૩૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૩ |


# * શ્રી સદ્‌ગુરુચરણે અર્પણ *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ભાવનાનુસાર યોગ–જ્યોત–ગૌરવ પારિતોષિક અને શિષ્યવૃત્તિ વિતરણ સમારંભનો આ ખાસ અંક પ્રસિદ્ધ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. વાંચકોને પણ તે ગમશે એવી આશા છે.

— તંત્રી

# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો.

અધ્યાત્મમાસિકનો ઓગસ્ટ ૨૦૦૨ ના અંકનો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.

પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઇમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિનંદનના અધિકારી છો.

આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ ઓગસ્ટ–૨૦૦૨ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૭/૯/૮૧ ગુરુવાર, ભાદરવા વદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : સનાતન મંદિર–લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ.**

પૂ. શ્રી થોડા અસ્વસ્થ લાગે છે. થોડો વ્યાયામ કરી આરામ કરે છે. શરદીને લીધે નાકમાંથી પાણી પડે છે. જેથી લેખન થઇ શકતું નથી. સર્વેશ્વરી અધ્યાત્મના ગ્રાહકોની યાદીનું કામ કરે છે.

મુલાકાતમાં સામાન્ય પ્રશ્નોત્તરી થઇ. આજે મુલાકાતીઓ ઘણા હતા. ભોજન માટે મોડા જવાનું બન્યું. ભોજન બાદ આરામ.

સાંજની મુલાકાતમાં બે ભાઇઓ ને એકબેન સૌ પ્રથમ આવીને બેઠાં છે. તે સૌએ તાજેતરમાં લંડનમાં આવેલા એક ભારતીય તાંત્રિક પાસે બસો બસો પાઉન્ડ આપીને મંત્ર લીધા હતા. તે અંગે પૂ. શ્રી પાસે તેઓ માર્ગદર્શન માંગે છે. પૂ. શ્રીએ

જોયું તો તે લખેલા મંત્રો અશુદ્ધ હતા ને શા માટે આ મંત્ર આપ્યો તે કારણ જાણીને પણ પૂ. શ્રીને નવાઇ લાગી. પૂ. શ્રીએ તેમને સાચું ને સંતોષકારક સમાધાન કરાવ્યું. તાંત્રિક ને માંત્રિક-ના ફંદામાં ન ફસાવાનું જીવન ને પૈસા એ રીતે બરબાદ ન કરવાની સલાહ આપી. એક જ ગુરુને એક જ મંત્રમાં શ્રદ્ધા રાખો એવી સમજ તેઓને આપી. તે સૌને સાચું માર્ગદર્શન મળ્યાનો સંતોષ થયો.

શ્રી લાડ નામના એક ભાઇએ પૂ. શ્રીનું પ્રકાશના પંથે પુસ્તક વાંચ્યું છે, તેઓ તે ગ્રંથને દિવ્યગ્રંથ માને છે. સાધના કેવી રીતે કરવી તે એ ગ્રંથ શીખવે છે. એવી આજે વાતો કરી તે ભાઇએ પૂ. શ્રીને પ્રકાશના પંથે પુસ્તક વાંચીને બસો પાઉન્ડ જેટલી મોટી રકમ ભારતમાં મોકલી હતી જે પૂ. શ્રીને મળી ન હતી તેની તેમને નવાઇ લાગે છે. તેમની શ્રદ્ધાભક્તિને ધન્ય છે.

શ્રી કમળાબેન આજે પૂ. શ્રી પાસે મંત્ર મેળવે છે.

આજે પ્રવચનમાં પૂ. શ્રીએ નામજપ ઉપર જ ભાર મૂક્યો.

રાત્રે પ્રવચન બાદ પૂ. શ્રી ખૂબ થાકી ગયા હતા. અતિશ્રમ ને સતત શ્રમ જેથી પૂ. શ્રી થોડીવારમાં ઊંઘી જાય છે.

**તા. ૧૮/૯/૮૧ ગુરુવાર, ભાદરવા વદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : સનાતન મંદિર–લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ.**

આજે સવારે પૂ. શ્રી થોડો વ્યાયામ સ્નાન કર્યા પછી કરે છે. ગીતાપાઠ કરીને સંપૂર્ણ આરામ જ કરે છે.

આજે સવારથી જ વરસાદ છે. પરિણામે ઠંડો પવન પણ છે. છતાં સાડા અગિયારની મુલાકાતમાં આખોયે ઓરડો મુલાકાતી-ઓથી ભરાઇ ગયો છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છે. સત્કર્મની રકમ ક્યાં



ને કેવી રીતે વપરાય છે તેની વાત પૂ. શ્રી કરે છે.

પ્રશ્ન : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં સૌથી મોટા મહેશ? બ્રહ્માવિષ્ણુ એ શિવમાંથી ઉત્પન્ન થયેલા?

પૂ. શ્રી : પરાત્પર શક્તિ એક જ છે. નામ જુદાં જુદાં. સૌ પોતપોતાના ઇષ્ટને મહાન માને છે.

પ્રશ્ન : કોઇ પણ મંત્ર પંદર મિનિટ જ કરવો ને તેની ગણત્રી ન કરવી એવું એક પુસ્તકમાં લખ્યું છે.

પૂ. શ્રી : પંદર મિનિટ જપ કોણ કરે? જે જપમાં બેસતાની સાથે જ એકાગ્ર બની દેહભાન ગુમાવી સમાધિ દશામાં પહોંચી જાય. એવા ઉચ્ચ ભૂમિકાવાળા પંદર શું પાંચ જ મિનિટ બેસે તોપણ બસ છે. પુસ્તકમાં જે લખ્યું છે તે આપણે માટે જ છે એવું ન માનવું. આપણે તો નિયમ રાખવો. અમુક માળા કરવી જ. ગણત્રીવિના તમને સંતોષ ન થશે અથવા અમુક સમયની મર્યાદા રાખવી.

પ્રશ્ન : દરેકે ગુરુ કરવા જ જોઇએ? તે વિના કલ્યાણ ન થાય?

પૂ. શ્રી : ગુરુ અનિવાર્ય નથી. તમારે જપ કરવા હોય, તમારે દરરોજ વહેલું ઊઠવું હોય, તો તેમાં ગુરુની ખાસ જરૂર નથી પડતી. પણ જ્ઞાનમાર્ગમાં કોઇ ભારે વિષયનો અભ્યાસ કરવો હોય તો ગુરુની મદદથી તે કામ સરળ બનશે. વળી યોગમાર્ગમાં ગુરુ-ની મદદવિના ક્રિયાઓ, આસનો, પ્રાણાયામનો અભ્યાસ કેટલીક-વાર નુકશાનકારક થઇ પડે છે. ભક્તિમાર્ગમાં ગુરુની જરૂર નથી ને જ્યારે તમને એની જરૂર હશે, ત્યારે પ્રભુ જ ગુરુ બનીને ન આવે?

એટલે ગુરુ કરવા જ જોઇએ એમ વિચારીને ગમે તેને ભટકી પડવું યોગ્ય નથી. ગુરુ કરવાના પાંચ પાઉન્ડથી માંડીને બસો પાઉન્ડ પડાવનારા પણ છે.

પ્રશ્ન : અમારા પરિવારના એક ભાઇ ચૂસ્ત ધર્મપાલન કરતા પણ તેને એવા ગુરુ મળ્યા કે તેણે દારૂ પીવા માંડયો. બંગલો ગુરુને આપી દીધો. પત્નીને પુત્રને મૂંડન કરાવી હવે ત્યાં રહે છે, તો એ ગુરુ તાંત્રિક માંત્રિક કે મેસ્મેરીઝમ જાણતા હશે?

પ્રશ્ન : જપ કરું ત્યારે મન સ્થિર થતું નથી?

પ્રશ્ન : સ્નાન કર્યા વિના આત્મશાંતિ માટે જપ થઇ શકે?

પ્રશ્ન : જપ સૂતા સૂતા થઇ શકે?

આ બધા પ્રશ્નોના પૂ. શ્રીએ વિગતવાર ઉત્તરો આપ્યા. બોલવાનો સતત શ્રમ પડયો છતાં લોકોને ઘણું જાણવાનું મળ્યું. શ્રી ગોવિંદભાઇ આવી ગયા એટલે પ્રશ્નોત્તરી બંધ થઇ.

સમયસર શ્રી વિદ્યાબેનને ત્યાં ભોજન લેવાનું બન્યું. ભોજન બાદ આરામ. સર્વેશ્વરી અધ્યાત્મનું કાર્ય કરે છે. સાંજે છ વાગી જાય છે.

સાંજની મુલાકાતમાં પણ ઓરડો ભરાઇ જાય છે. કમળાબેને ગઇકાલે મંત્ર લીધો હતો, તેમણે પૂ. શ્રીને કહ્યું : ગઇકાલે મને કહેતા સંકોચ થતો હતો. મારે તો તમારું જ નામ જપવું છે. મને આખી રાત ઊંઘ નથી આવી. એવા જ વિચારો આવ્યા કર્યા.

પૂ. શ્રીએ તેમને પ્રભુસ્વરૂપ માની મંત્ર જપી શકાય. એમ કહી તે બેનને મંત્ર બદલી આપ્યો. તેમને ખૂબ આનંદ થઇ ગયો.

એક પતિપત્ની પૂ. શ્રીના ઘણાં પુસ્તકો વાંચીને આજે મળવા



આવ્યાં છે. એક ભાઇ એક અંગ્રેજ સન્નારીને લઇને મળવા આવ્યા છે. તેમણે પૂ. શ્રીને પરિચય આપતાં કહ્યું. આ બેન યુનિવર્સિટીમાં લેક્ચરર છે. તેમને હિન્દુ ધર્મ ઉપર થોડું જાણવું છે. તેઓ હિન્દુધર્મ ઉપર પીએચ. ડી. કરે છે.

તે બેનને બેસવા માટે ખુરશી આપવામાં આવી. તે બેને બે હાથ જોડી પ્રણામ કર્યા. ને અંગ્રેજીમાં પ્રશ્નોત્તરી શરૂ થઇ. એક કલાક સુધી એ પ્રશ્નોત્તરી ચાલી. તે બેનને જે સમજવું હતું. જાણવું હતું તે પૂ. શ્રી પાસે મળી ગયાનો સંતોષ થયો. આવતી-કાલે પણ મળવાના સમયે પોતે આવશે એમ તે બેને કહ્યું.

મુલાકાત બાદ પ્રવચન થયું. પ્રવચન બાદ આરામ. સર્વેશ્વરીની તબિયત અસ્વસ્થ થતાં નોંધ ને પ્રશ્નોત્તરી વિગતવાર ન લખી શકાઇ. જેથી અહીં જ આજની નોંધ પૂરી થાય છે.

**તા. ૧૯/૯/૮૧ શનિવાર, ભાદરવા વદ છઠ્ઠ, ૨૦૩૭**

**સ્થળ : સનાતન મંદિર–લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ.**

આજે સવારે મુલાકાતના સમયે અંગ્રેજ લેક્ચરર ફરી આવે છે તેમણે પૂ. શ્રી સામે અંગ્રેજીમાં પ્રશ્નોત્તરી રજૂ કરી. પ્રશ્નો નીચે મુજબ હતાઃ–

પ્રશ્ન : ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ વચ્ચે શો તફાવત?

પ્રશ્ન : ધર્મ સાથે અનાસક્તિ કેવી રીતે કેળવાય?

પ્રશ્ન : રથનું ચક્ર, કાળનું ચક્ર ને કર્મનું ચક્ર વચ્ચે શો ફેર છે?

પ્રશ્ન : શાસ્ત્રજ્ઞાન ને અનુભવજ્ઞાન એટલે શું?

પ્રશ્ન : આત્મભાષા આત્મ સંબંધમાંથી આવે છે?

પ્રશ્નોની ચર્ચા ખૂબ રસપ્રદ હતી. સર્વેશ્વરી શારીરિક અસ્વસ્થતા-

ને લીધે પ્રશ્નોત્તરીની વિગતવાર નોંધ ન કરી શક્યાં. અંગ્રેજી વાર્તાલાપ પૂ. શ્રીનો અદ્‌ભુત હતો.

આજે મહત્ત્વનો બીજો કાર્યક્રમ શ્રી ભગવાન પરમારે ગોઠવ્યો હતો. જીવ, જગત ને જગદીશ એ વિષય ઉપર સર્વોદય હોલમાં આજે પ્રવચન હતું. તે કાર્યક્રમમાં પ્રેક્ષકોથી હોલ ભરાઇ ગયો હતો. સ્ટેજ ઉપર શ્રોતાઓને બેસાડવા પડયા. એ કાર્યક્રમ સરસ ને સફળ રહ્યો. શ્રી ભગવાન પરમારનો ઉત્સાહ અદ્‌ભુત હતો.

પ્રવચન બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થયો. હોલમાં બેઠેલા ભાઇબેનોએ નીચેના પ્રશ્નો પૂછ્યા. પ્રશ્નો સરસ હતા.

પ્રશ્ન–૧ : કર્મ ને જન્મને સંબંધ ખરો?

પ્રશ્ન–૨ : ભગવાન ક્યાં રહે છે? શું કરે છે? અંગ્રેજીમાં જવાબ આપો?

પ્રશ્ન–૩ : મૂર્તિપૂજા કરવી કે નહીં?

પ્રશ્ન–૪ : મા સર્વેશ્વરીનું પ્રવચન સાંભળવું છે?

પ્રશ્ન–૫ : સાક્ષાત્કાર ચર્મચક્ષુ કે જ્ઞાનચક્ષુથી થાય?

પ્રશ્ન–૬ : જપ કરતાં કરતાં નિદ્રા આવે તો શું કરવું?

પ્રશ્ન–૭ : સાંઇબાબા બધી વસ્તુઓ ઉત્પન્ન કરી શકે?

પ્રશ્ન–૮ : શિવ અને શંકર એક છે કે જુદા?

પ્રશ્ન–૯ : યોગાનંદનો ક્રિયાયોગ એટલે શું?

પ્રશ્ન–૧૦ : ધ્યાન કેવી રીતે થાય?

પ્રશ્ન–૧૧ : પ્રાણાયામ શું છે? ચંદ્રનાડી ને સૂર્યનાડી શું છે?

પ્રશ્ન–૧૨ : કુંડલીની શક્તિ શું છે?



પ્રશ્ન–૧૩ : સાક્ષાત્કારના અનુભવોમાંથી એક બે અનુભવો કહો.

બધા જ પ્રશ્નોના ઉત્તરો પૂ. શ્રીએ વિસ્તૃત રીતે આપ્યા. સૌને સંતોષ થઇ ગયો.

પ્રશ્નોત્તરી પહેલાં શ્રી ભગવાન પરમારનો શ્રદ્ધાભાવ અનન્ય હતો. તેથી તેમણે પૂ. શ્રીના પૂર્વજન્મ ઉપર શ્રોતાઓ સમક્ષ પ્રકાશ પાડયો. સૌએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધો.

પ્રવચન બાદ સૌએ પ્રણામ કર્યા. શ્રી કમળાબેને આંખમાં આંસુ સાથે સર્વેશ્વરીને પણ સાષ્ટાંગ પ્રણામ કર્યા. આજે ૨૦બીથી પણ દશબાર ભાઇઓ આવ્યા હતા, તેમને મળ્યા.

ઉતારા ઉપર આવી અસ્વસ્થ તબિયતને લીધે ટૂંકી નોંધ લખી આરામ જ કર્યો. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૩૨૨૮૨૩૧

# મારી નજરે પૂ. શ્રી યોગેશ્વરજી

ડો. અરૂણા ઠાકર

યોગેશ્વરજી મા જગદંબાના, મા જ્યોતિર્મયીના તેમ મા ભારતના પણ સુપુત્ર હતા. ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામ વેગમાં હતો એ કાળે એમનો જન્મ, શૈશવ, કૌમાર્ય, યુવાવસ્થા. મુંબઇમાં યોગેશ્વરજી અનાથાશ્રમમાં રહેતા હતા. તેની પાસેના જ મેદાનમાં ગાંધીજીની સભા-પ્રાર્થના થતી. ગાંધીજીની એ પ્રતિમા એમના ઉરમાં જડાઇ ગઇ, અને એની સાથે જ દૃઢ થઇ રાષ્ટ્રભાવના. એ રાષ્ટ્રભક્ત હતા. ભારત દેશને માતાની જેમ ચાહતા, વંદતા. સ્વાતંત્ર્યસંગ્રામમાં સીધો ભાગ નથી લીધો કેમ કે ત્યારે તે ઈશ્વર-સાધનામાં રત હતા. પણ એ દેશની આઝાદી માટે પ્રાર્થના કરતા. દેશ પર વિદેશી આક્રમણ થયું ત્યારે 'હિમાલય અમારો' કાવ્ય સંગ્રહ પ્રગટ કર્યો. એ દેશની દુર્દશાની ચિંતા કરતા. ૧૯૭૫ માં દેશપર કટોકટી લદાઇ ત્યારે એમણે ભાખ્યું હતું કે સત્તા પરિવર્તન થશે. 'મા જગદંબા'ને તેમ 'મા ભારતી'ને ઉદ્દેશીને રાષ્ટ્રપ્રેમનાં અનેક કાવ્યો રચેલાં છે.

શ્રી યોગેશ્વરજી જગન્માતાને ભારતમાતાની જેમ માનવતા-પ્રજા-દરિદ્રજનતાને પણ માતાની જેમ ઉપાસતા હતા. સમગ્ર વિશ્વ એમનો પરિવાર હતો. 'વસુધૈવ કુટુમ્બકમ્' એ જીવનમંત્ર હતો. સમગ્ર સૃષ્ટિ અને સકલ માનવતાનું કલ્યાણ થાય એ માટે એ સેવા-સાધના-આરાધના કરતા. તેમને સમગ્ર પ્રજાનું ઉત્થાન અભિપ્રેત છે. મંદિરમાંના દેવ જ નહિ, મંદિરની બહાર ઊભેલા



દરિદ્રનારાયણના એ સેવક છે. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને આપણા દેશની દરિદ્રજનતાની સેવા કરવાનું કહ્યું હતું, એ બોધ યોગેશ્વરજીએ આત્મસાત્ કર્યો હતો. રસ્તાપર પરિશ્રમ કરતા ને ખેતરમાં હળ ખેડતા ભગવાન પ્રત્યે તેમને પૂજ્યભાવ હતો. એ સામાન્ય, સંસારી, દોષયુક્ત સ્ત્રીપુરુષને પણ સમભાવપૂર્વક જોતા ને સહાય કરતા.

શ્રી યોગેશ્વરજી સમર્થ અધ્યાત્મપુરુષ અને ઉચ્ચકક્ષાના ધર્મચિંતક ને તત્ત્વજ્ઞાની હતા. ગુજરાતમાં જ નહિ, દેશ અને દુનિયામાં એમની કક્ષાના ભારતીય ધર્મ-તત્ત્વ-ચિંતકો બહુ ઓછા હશે. એમણે આપણો પાંચહજાર વર્ષનો સાંસ્કૃતિક વારસો અને વૈભવ આત્મસાત્ કર્યો હતો. ભારતીય ધર્મ, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત સાહિત્યનો મબલખ ખજાનો એમના મસ્તિષ્કમાં ભરેલો હતો. એ સ્વયં ભારતીય ધર્મ-તત્ત્વજ્ઞાનની હરતી ફરતી વિદ્યાપીઠ હતા. A Mobile University of Indian religion and culture.

## સદાચારના પાલન માટે ઉપયોગી સાધનો

૧. તૃષ્ણાને કાપી નાંખો. ૨. ક્ષમાનું સેવન કરો. ૩. મદનો ત્યાગ કરો. ૪. પાપકર્મમાં પ્રીતિ કરો નહીં. ૫. સત્ય વચન બોલો. ૬. વિદ્વાન લોકોની સેવા કરો. ૭. સૌને માન આપો, વિનયથી વર્તો. ૮. પોતાના ગુણોને પ્રકટ ન કરો. ૯. દુઃખી ઉપર દયા કરો.

('સનાતન ધર્મસાર'માંથી)

મહાત્મા શ્રી યોગેશ્વરજી

# એક વિરલ વીતરાગી સંત

યોગચરણદાસ

નોંધ : પ. પૂ. ગુરુદેવશ્રી મહાત્માજીના પ્રાકટ્યના ઓગસ્ટ માસના અધ્યાત્મના અંકમાં પૂ. શ્રીની ત્યાગવૃત્તિ વિષે પ્રકાશ પાડતો આ લેખ મૂક્યો છે, તે વાંચકોને ગમશે. એવી આશા છે.

— તંત્રી

આ દુનિયામાં ભારત જ એક એવો અદ્ભુત દેશ છે કે જેની ધરતીમાં ત્યાગી ને વૈરાગી સંતો સમયાંતરે પેદા થતા રહે છે. પછી કાળ ભલેને કળિયુગ ચાલતો હોય. દેશ અને કાળની કોઇ અસર આ મહાનુભાવો પર કદી થતી નથી.

જ્યારે સમગ્ર માનવજાત આંધળુકીયાં કરીને ભૌતિક સુખ-સાધનોની પ્રાપ્તિ માટે ધન ને સંપત્તિ એકઠી કરવા પાછળ વિવેક ભૂલીને દોડી રહી હોય, ત્યારે એવા સંતો આ ભૂમિમાં પેદા થયા, જેમણે કહ્યું 'રૂક જાઓ. આ શું કરી રહ્યા છો? મનુષ્યજીવનનો ઉદ્દેશ માત્ર ધન કમાવું એ જ નથી, એની બીજી બાજુ પણ છે. જરા વિચારો. જીવનનો હેતુ સુખ, શાન્તિ અને આનંદ મેળવવાનો હોય, તો તે કેવળ ધનથી કદીય પરિપૂર્ણ થઇ શકશે નહિ. ધનથી સગવડો, ખરીદી કે વધારી શકાશે, પરંતુ સુખ કદી નહિ, મનની શાન્તિ કદી કોઇ બજારમાં વેચાતી મળતી નથી. અને આનંદ તો એથી ય દુર્લભ! તો આવો. અમે એનો માર્ગ બતાવીએ.

આ શબ્દો છે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના. જેઓએ



પોતાના જીવનમાં એ ઉપદેશ આચરી બતાવ્યો. દેશમાં કે વિદેશમાં ધનનાં પ્રલોભનો એ મહાપુરુષને કદી પ્રલોભી શક્યાં નહિ, એનું એક માત્ર કારણ તેઓની વિવેક અને વૈરાગ્યની જ્યોતિ હરહંમેશ પ્રજ્વલિત હતી.

ધનની આવશ્યકતા એ મહાપુરુષે સ્વીકારી છે. જીવન વ્યવહાર ચલાવવા માટે ધન જરૂરી છે, પરંતુ તેની પ્રાપ્તિ અધર્મના માર્ગે તો ન જ કરાય. તો વળી આવશ્યકતાથી અધિક ધન તેની સાચવણીની પારવગરની પળોજણ પેદા કરે છે. એટલે તેનાથી તેઓ હંમેશ દૂર રહ્યા. ભગવાન પરની અતૂટ શ્રદ્ધાને લઇને, તેઓએ ધનના અભાવની કદી ચિન્તા કરી નથી, પછી ભલેને દેવપ્રયાગના શાન્તાશ્રમનો એકાંતવાસમાં ખાવાનો પ્રશ્ન હોય કે ઇંગ્લેન્ડની ધરતી પરથી અમેરિકા કે કેનેડાના પ્રવાસના ખર્ચનો પ્રશ્ન હોય. જે મહાપુરુષોએ પોતાના જીવનનું સારથિપદ પ્રભુને ધર્યું હોય, તેઓ જ કોઇ પણ પરિસ્થિતિમાં સંપૂર્ણ સ્વસ્થ રહી શકે. કદી કઇ અભાવ એમને અકળાવી ન શકે.

એથી તો વિદેશની ધરતી પર આશ્રમો સ્થાપવાની ઓફરો એઓએ અસ્વીકારી, તો લાખ્ખો રૂપિયાના ધનના દાનના બદલામાં પોતે સ્થાપેલા ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનાવવાની માગણી એમ કહી ઠુકરાવી કે અમે 'શરતી દાન' કદી સ્વીકારતા નથી. દાનમાં શરત હોય તે દાન નથી, વ્યાપાર છે.

વિદેશની ધરતી ઉપર ભાતભાતની ભેટો શ્રોતાઓ આપવા આગળ આવતા–જેમાં જાતજાતના કેમેરા, ટેપ રેકોડર્સ, ઘડિયાળો, પેનો–સોનાથી મઢેલો ઉપકરણોનો સમાવેશ થતો, તો કિંમતી વસ્ત્રો રેશમી અને ઊની વસ્ત્રો તો કેટલાંય. પરંતુ એ મહાપુરુષે વિવેક

પુરસ્સર બધાનો નમ્રતાપૂર્વક અસ્વીકાર એમ કહી કર્યો કે અમે તો પરિવ્રાજક. સદા ફરતા રહેનારા. અમે આ બધી વસ્તુઓ સાથે રાખી ક્યાં ક્યાં ફેરવતા રહીએ? તમારે ગૃહસ્થીઓને એ કામની. વળી વસ્ત્રો પણ ખાદીનાં જ પહેરીએ છીએ, એટલે જરૂર પૂરતાં જ ખરીદીએ–જરૂરત સિવાયની કોઇ પણ વસ્તુ સાથે રાખવી અમને ફાવે નહિ. એથી તો ભારતથી વિદેશ જતાં એક નાની સ્યૂટકેશ લઈને જવાનું અને એ જ લઈને પાછા આવવાનું. કેવો આદર્શ વ્યવહાર ! કેવો ઉત્તમ અપરિગ્રહ !

આનું એક જ કારણ–હંમેશાં તેઓશ્રી આત્મસ્થ અવસ્થામાં પ્રતિષ્ઠિત, નિત્ય–અનિત્યનો વિવેક, સદા જાગૃત. નિત્ય એક આત્મા જ. બાકી બધું પરિવર્તનશીલ–વિનાશશીલ એટલે અનિત્ય. આનું ચૂસ્તપણે આચરણ.

એ વાત સાચી છે કે એ મહાપુરુષે ખોટા વૈરાગ્યને નામે ધનનો તિરસ્કાર કદી કર્યો નથી. દરેક માણસના જીવનનિર્વાહ માટે તેની આવશ્યકતા રહે છે જ. એટલે પ્રભુમાર્ગે આગળ વધવા ઇચ્છતા સાધકોને પણ એઓશ્રીએ એવી શીખ હંમેશ આપી છે કે શક્ય હોય ત્યાંસુધી આર્થિક રીતે સ્વાલંબી બની સાધના કરો. નહિ તો આજના યુગમાં સ્વમાનભેર નહિ જીવાય, એ વાત જુદી છે કે તેઓશ્રીની જેમ જેમનો ત્યાગ ને વૈરાગ્ય ખૂબ પ્રબળ છે ને જેઓ સંસારમાં વધુ વખત રહી શકે એમ નથી–તેઓ ઈશ્વરનું સંપૂર્ણ શરણ સ્વીકારી–પ્રભુપંથે આગળ વધી શકે છે.

એ મહાપુરુષે ધનિકોના ધનનો વિવેકપૂર્વક સ્વીકાર કરી, મળેલ ધનનો પોતા માટે નહિ, પરંતુ દેશના અભાવગ્રસ્ત માનવો-ને અન્ન, વસ્ત્ર કે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાયો પૂરી



પાડવામાં કર્યો છે. તો ભાવનાઓથી પ્રેરાઇ, સામાન્ય માણસોવડે કરાતાં દાનનો માત્ર પ્રતીકાત્મક સ્વીકાર કરી, હંમેશ વિવેક વાપર્યો છે. સો કે હજારમાંથી માત્ર ૧ રૂપિયો કે અગિયાર જ લઈને–આવું ધન–આપનારને પ્રસાદીરૂપે પરત કર્યું છે. આજે બસ "લાવો, લોવો ને લાવો જ" એવા યુગમાં પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું વીતરાગીપણું બહુ જવલ્લે જ આધ્યાત્મિક દુનિયામાં જોવા મળે છે. એટલે જ त्यागात् शान्तिरनतरम्। ત્યાગથી જ શાન્તિ મળે છે તે આ મહાપુરુષે જીવી બતાવ્યું. ધન્ય છે એમની ત્યાગવૃત્તિને અને એઓશ્રીની પ્રભુપરાયણતાને !


આત્મકલ્યાણનાં ત્રણ સાધનો : સર્વ પ્રાણીપર દયા, સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ, સર્વ વસ્તુઓમાં અનિત્ય બુદ્ધિ.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

માણસ ધંધામાં નુકસાન થાય કે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો મન મૂકી રડે છે. રોગમાંથી બચવા માટે અધીરો બની વૈદ્ય કે દાક્તરનું શરણ શોધે છે, સંસાર-ની ચિંતામાં ઊંઘી પણ શકતો નથી. પણ ઈશ્વર ક્યારે ને કેમ કરી મળશે, એ ચિંતામાં પથારીમાં રાતભર પાસાં ફેરવવાં પડયાં ને ઊંઘ ના આવી એવું એક દિવસ પણ બન્યું? ઈશ્વરને માટે એક આંસુ પણ પડયું કે ઈશ્વરને જોવા માટે તલપાપડ ને વ્યગ્ર બનાયું? હૃદયમાં અહંકાર, કામ--ક્રોધ, વિષયભૂખ ને વાસનાનું જ્યાં લગી સામ્રાજ્ય છે, ત્યાં લગી આ ઈશ્વરી પ્રેમ પ્રગટી શકતો નથી.

—યોગેશ્વરજી

O

સૌજન્ય :






# યોગ–જ્યોત–ગૌરવ શું કામ?

તા. ૬ જુલાઈના રોજ અમદાવાદના ભાઈકાકા હોલમાં યોગ–જ્યોત–ગૌરવ પારિતોષિક વિતરણનો કાર્યક્રમ પૂરો થયો. તો એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીમિત્રને પૂછી રહ્યો હતો, "આ પારિતોષિકનું નામ યોગ–જ્યોત–ગૌરવ શું કામ?"

અમે તેનો આ પ્રશ્ન દૂરથી સાંભળ્યો. થયું કે ચાલો તેની પાસે જઈ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આ શબ્દપ્રયોગ શા માટે પસંદ કર્યો છે, તે વાત સમજાવીએ.

અમે કહ્યું, મિત્ર, પ. પૂ. સર્વેશ્વરી માએ આ શબ્દો ખાસ સમજપૂર્વક પસંદ કર્યા છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના નામના પહેલા બે અક્ષરો એ મહાપુરુષના નામને આ પારિતોષિક સાથે જોડે છે. તો 'જ્યોત' શબ્દ તેઓ-શ્રીનાં પૂ. માતુશ્રી જ્યોતિર્મયીના નામને પણ. આમ યોગ–જ્યોત એ બે પવિત્ર તપસ્વી અને ત્યાગી મહામાનવોની યાદ અપાવે છે. ૨૬, જાન્યુ–૨૦૦૧ માં આવેલ મહાભૂકંપમાં નાશ પામેલ કેટલીક ગ્રામશાળાઓનું નવનિર્માણ આ ટ્રસ્ટે કર્યું. તો તે શાળાઓને શું નામ આપવું તે પ્રશ્ન ઊભો થયો. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાની દિવ્ય સ્ફુર્ણા પ્રમાણે આ બધી જ શાળાઓને–પોતાનું કે ટ્રસ્ટનું નામ આપવાને બદલે "યોગ–જ્યોત–વિદ્યાલય" નામ આપ્યું. કેવું સરસ? એ જ "યોગ–જ્યોત–ગૌરવ" આજે આ વિદ્યાર્થીઓ પણ મેળવવા સદ્-ભાગી થયા છે.

— તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો સફળ વિદ્યાર્થીઓને

# પ્રેરક સંદેશ

શ્રી યોગેશ્વરાય નમઃ મા સર્વેશ્વરી

ગુજરાતના વિવિધ સ્થળોથી વિવિધ પ્રતિભા અમારે આંગણે ઉતરી છે. આપ સૌનો આભાર. આપ સૌને અભિનંદન.

આપની આ નાનકડી સફળતાનું સન્માન સર્વમંગલ ટ્રસ્ટના સંસ્થાપક શ્રી યોગેશ્વરજી કરી રહ્યા છે.

જીવનમાં દરેક ક્ષેત્રે દરેક પગલે એ મહાપુરુષના આશીર્વાદ આપ સૌ ઉપર વરસતા રહો.

હજી તો તમારી જીવનયાત્રાનો પ્રારંભ છે. આજના સન્માન-ના પુનિત સંભારણારૂપે એક નાનકડી પ્રાર્થનાનો નિયમ પણ તમારા સૌના જીવનમાં પ્રારંભ પામો એવી પ્રાર્થના છે.

જન્મથી આજસુધી આપણે સમાજ પાસેથી શું શું લીધું? જરા યાદ કરો.

જન્મ થયો તો પારણું મળ્યું, તો તે પણ કોઈકે ઘડીને તૈયાર કર્યું હતું.

વસ્ત્રો પરિધાન કર્યાં તો તે પણ કોઈકે સીવીને તૈયાર આપ્યાં હતાં.

શાળામાં ગયા તો શાળા કોઈકે બંધાવી હતી.

પુસ્તકો વાંચ્યાં તો તે કોઈકે લખ્યાં હતાં, કોઈકે પ્રકાશિત કર્યાં હતાં.

આજે સફળ થયા તો વળી આ સર્વમંગલ ટ્રસ્ટે આપણું



સન્માન કર્યું. આપણને કંઈક પ્રસાદરૂપે આપ્યું. આપણે તે સન્માન સાથે સ્વીકાર્યું.

તો હવે આપણે આજે એ વિચારીશું કે આપણા માટે વરસોથી સમાજ કંઈક ને કંઈક કર્યાં કરે છે, તો આપણે માથે એ સમાજનું ઋણ છે. એ ઋણ ચૂકતે કરવા કંઈક સત્કર્મ આપણે પણ કરીશું. આજે સંકલ્પ કરીશું કે હું જ્યાં પણ હોઈશ, ત્યાં મારા ફાળે આવેલ કોઈ પણ નાનું સત્કર્મ હું સમાજ માટે સર્વોત્તમ રીતે કરવા પ્રયત્ન કરીશ. હું સમાજ માટે ઘસાઈને ઉજળા થવાનો પ્રયત્ન કરીશ.

બસ, આવો એક નાનકડો સંકલ્પ આજે આપણે કરીએ.

શિક્ષણ જગતના સૌ મહાનુભાવોને પણ અભિનંદન.

સર્વમંગલ ટ્રસ્ટના સુકાની સેવકોને પણ પ્રભુ આવાં સત્કર્મો કરવાની વારંવાર તક આપે, એવી પ્રાર્થના છે.

હે તેજસ્વી તારલાઓ, તમે સૌ સર્વક્ષેત્રે સફળતા પામો. પ્રભુના આશીર્વાદ પામો, એવી પ્રાર્થના.

○

* સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *

પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૯૯૦૩

# યોગજ્યોત-ગૌરવ વિજેતા વિદ્યાર્થીઓ

સેવક ટ્રસ્ટી

| ક્રમ | જિલ્લાનું નામ | વિદ્યાર્થીનું નામ | પ્રવાહ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | પટેલ ઉપાસના વ્રજલાલ | વિજ્ઞાન |
| ૨. | અમદાવાદ | રાઠોડ શીતલ બહાદૂરસિંહ | સામાન્ય |
| ૩. | અમરેલી | સરવૈયા જતીન શશીકાંત | વિજ્ઞાન |
| ૪. | અમરેલી | ચૌહાણ મુનીરાબેન વૈજમુદ્દીન | સામાન્ય |
| ૫. | કચ્છ | જોષી પાર્થ રોહિતભાઇ | વિજ્ઞાન |
| ૬. | કચ્છ | ખોજા સુરૈયા અકબરઅલી | સામાન્ય |
| ૭. | ખેડા | .શાહ કૈરવ શિરીષભાઇ | વિજ્ઞાન |
| ૮. | ખેડા | કોઠારી પલક નિરંજન | સામાન્ય |
| ૯. | જામનગર | ગુમા મીનળ બંસીધર | વિજ્ઞાન |
| ૧૦. | જામનગર | ગોકાણી અમીતકુમાર ધરમશી | સામાન્ય |
| ૧૧. | જૂનાગઢ | પટેલ નિરજકુમાર જગજીવન | વિજ્ઞાન |
| ૧૨. | જૂનાગઢ | દોશી મિહિર ચંદ્રકાંતભાઇ | સામાન્ય |
| ૧૩. | ડાંગ | ગોડકે સારંગકુમાર મારુતિભાઇ | વિજ્ઞાન |
| ૧૪. | ડાંગ | ભોય દિલીપભાઇ ગામજભાઇ | સામાન્ય |
| ૧૫. | પંચમહાલ | પટેલ પ્રજ્ઞાબેન મનુભાઇ | વિજ્ઞાન |
| ૧૬. | પંચમહાલ | પટેલ જિતેન્દ્રકુમાર અંબાલાલ | સામાન્ય |
| ૧૭. | બનાસકાંઠા | પ્રજાપતિ મહેશકુમાર મહેન્દ્રકુમાર | વિજ્ઞાન |



| ક્રમ | જિલ્લાનું નામ | વિદ્યાર્થીનું નામ | પ્રવાહ |
|---|---|---|---|
| ૧૮. | બનાસકાંઠા | .શાહ ધવલ રાજેન્દ્રકુમાર | સામાન્ય |
| ૧૯. | ભરુચ | ટી. એમ. આનંદ મહેન્દ્ર | વિજ્ઞાન |
| ૨૦. | ભરુચ | .શાહ અર્પિતા ગિરીશચંદ્ર | સામાન્ય |
| ૨૧. | ભાવનગર | ડોંડા કેયૂર ઠાકરશીભાઇ | વિજ્ઞાન |
| ૨૨. | ભાવનગર | નાણાવટી ઈશા અશોકકુમાર | સામાન્ય |
| ૨૩. | મહેસાણા | પટેલ સુહાગ મહેશભાઇ | વિજ્ઞાન |
| ૨૪. | મહેસાણા | ત્રિવેદી આસુતોષ વિષ્ણુપ્રસાદ | સામાન્ય |
| ૨૫. | રાજકોટ | વ્યાસ કીર્તન મનોજકુમાર | વિજ્ઞાન |
| ૨૬. | રાજકોટ | વૈશ્નવ માર્ગી કશ્યપભાઇ | સામાન્ય |
| ૨૭. | સાબરકાંઠા | પ્રજાપતિ સ્નેહલકુમાર રજનીકાંત | વિજ્ઞાન |
| ૨૮. | સાબરકાંઠા | પટેલ જીગરકુમાર હર્ષદભાઇ | સામાન્ય |
| ૨૯. | સુરત | દમણીયા ધ્વનીલ પ્રદીપભાઇ | વિજ્ઞાન |
| ૩૦. | સુરત | દલાલ વિકી જગદીશભાઇ | સામાન્ય |
| ૩૧. | સુરત | સંઘવી પ્રિયંક નિકેશકુમાર | સામાન્ય |
| ૩૨. | સુરેન્દ્રનગર | .શતાપરા વિધા કાંતિલાલ | વિજ્ઞાન |
| ૩૩. | સુરેન્દ્રનગર | સંઘવી ચાહના કિશોરકુમાર | સામાન્ય |
| ૩૪. | દિવ/દમણ/સેલ્વાસ | સોની આત્મિક મૂકેશભાઇ | વિજ્ઞાન |
| ૩૫. | દિવ/દમણ/સેલ્વાસ | બાંભણિયા નૂતનબાળા પ્રવીણભાઇ | સામાન્ય |
| ૩૬. | આણંદ | પટેલ રવિકુમાર જ્યોતીન્દ્રભાઇ | વિજ્ઞાન |
| ૩૭. | આણંદ | પરીખ અંકિતા જીતેન્દ્રકુમાર | સામાન્ય |
| ૩૮. | પાટણ | .શાહ અમી મૂકેશભાઇ | વિજ્ઞાન |

| ક્રમ | જિલ્લાનું નામ | વિદ્યાર્થીનું નામ | પ્રવાહ |
|---|---|---|---|
| ૩૯. | પાટણ | ખત્રી ધરતી રમેશભાઇ | સામાન્ય |
| ૪૦. | નવસારી | મહેતા નીરજ ઠાકોરલાલ | વિજ્ઞાન |
| ૪૧. | નવસારી | શાહ અવની હસમુખલાલ | સામાન્ય |
| ૪૨. | દાહોદ | ગાંબી મોહમદ કુતુબુદ્દીન | વિજ્ઞાન |
| ૪૩. | દાહોદ | કુંદાવાલા હુસેન મનનભાઇ | સામાન્ય |
| ૪૪. | પોરબંદર | બુચ ભૂમિ જિજ્ઞાસુ | વિજ્ઞાન |
| ૪૫. | પોરબંદર | હાથી પૂજા મહેશકુમાર | સામાન્ય |
| ૪૬. | નર્મદા | ચોક્સી કૃણાલ મૃગેશચંદ્ર | વિજ્ઞાન |
| ૪૭. | નર્મદા | ગોહિલ ફીરોઝખાં મશવરખાં | સામાન્ય |
| ૪૮. | ગાંધીનગર | પટેલ નિકુંજ દુર્લભભાઇ | વિજ્ઞાન |
| ૪૯. | ગાંધીનગર | પટેલ આશિષકુમાર બાબુલાલ | વિજ્ઞાન |
| ૫૦. | ગાંધીનગર | વરીયા ઋષભ મિલેશકુમાર | સામાન્ય |
| ૫૧. | વડોદરા | માથુર શોભિત | વિજ્ઞાન |
| ૫૨. | વડોદરા | જયસ્વાલ પૂજા રાજેન્દ્રકુમાર | સામાન્ય |
| ૫૩. | વલસાડ | માલવીયા પુનિતકુમાર મનોહરલાલ | વિજ્ઞાન |
| ૫૪. | વલસાડ | વૈશ્નવ મલય શૈલેષભાઇ | સામાન્ય |



મહાત્મા યોગેશ્વરજી અને મા–પ્રભુનો અનુગ્રહ

# યોગ–જ્યોત–ગૌરવ સમારોહ

પ્રો. શાંતિકુમાર પંડ્યા

પ. પૂ. શ્રી યોગેશ્વરજી સંસ્થાપિત આધ્યાત્મિક કાર્યોને આગળ વધારવા મા સર્વેસ્વરીજી સંવર્ધિત, સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા રાજ્યના તમામ જીલ્લાઓમાં ૧૨ મા ધોરણમાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પ્રથમ નંબર પ્રાપ્ત વિદ્યાર્થીઓને સન્માનવાનો "યોગ જ્યોત ગૌરવ" સમારોહ, તા. ૬ ઠ્ઠી જુલાઇને શનિવારે અમદાવાદના ભાઇકાકા હોલમાં યોજાઇ ગયો. મા સર્વેશ્વરીજીની શુભનિશ્રામાં યોજાયેલા આ સાત્ત્વિક છતાં શાનદાર સમારોહમાં રાજ્યના પ્રતિષ્ઠિત કેળવણીકારો, આચાર્યો શિક્ષકો જૂજ અપવાદ સિવાય તમામ જીલ્લામાંથી આવેલા તેજસ્વી તારક વિદ્યાર્થીઓ અને યોગેશ્વર પરિવારના વિશાળ ભાવિકોએ ભારે ઉમંગ અને ઉત્સાહથી ભાગ લઇ એને ચિરસ્મરણીય બનાવ્યો. સમારંભમાં ઉપસ્થિત સજ્જનો અને સન્નારીઓની સંખ્યા એટલી બધી તો વ્યાપક હતી કે હોલની અંદરની અને પરિસરની તસુએ તસુ જગા ખીચોખીચ ભરેલી હતી અને સર્વત્ર આધ્યાત્મિક આનંદનું વાતાવરણ હતું.

નિયમિતતાનાં અતિ આગ્રહી મા–પ્રભુ બરાબર ચાર વાગે હોલમાં પધાર્યાં અને ભાવનાઓની ભરતીસાથે સમારંભનો શુભારંભ થયો. "समाप्तिकामो मङ्गमाचरेत्" એટલે કે "કોઇ પણ કર્મની નિર્વિઘ્ને સમાપ્તિ થાય એ માટે મંગલાચરણ કરવું જોઇએ" એ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની ભવ્ય પરંપરા પ્રમાણે સમારંભના પ્રારંભમાં મ. સ. યુનિ. વડોદરાના સંસ્કૃત મહાવિદ્યા-

લયના અધ્યાપક પ્રા. શ્રી વિજય પંડિતે યજુર્વેદના ગણપતિવંદના અને મનને શિવસંકલ્પ થવા માટેના માર્મિક મંત્રઘોષથી વાતાવરણને મંગલમય બનાવ્યું. એ પછી અમદાવાદની સેંટઝેવિયર્સ કોલેજના સંસ્કૃતના પ્રાધ્યાપિકા ડૉ. શુચિતા મહેતાએ એમના મધુર અને ભાવવાહી સ્વરમાં સરસ્વતી વંદના અને ગુરુવંદન કરી મીરાંબાઇના વિશ્વવિદિત ભજન "પાયોજી મૈને રામરતન ધન પાયો."ની પ્રાર્થનાથી વાતાવરણને સંપૂર્ણ સાત્ત્વિકતાથી ભરી દીધું. પ્રાર્થના દરમ્યાન મા–પ્રભુની ભાવવાહી અને ધ્યાનમગ્ન મુદ્રા ભાવકોને અભિભૂત કરતી રહી.

પ્રાર્થનાએ સર્જેલા ભાવસભર વાતાવરણમાં પ્રા. તરલાબેન દેસાઇએ માધુર્યભરી ઉદ્‌ઘોષણાનો આરંભ કર્યો. અમદાવાદની સદ્‌ગુણા કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા રમણમહર્ષિના તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી અને એમના સત્ત્વશીલ વ્યક્તિત્વથી મા સર્વેશ્વરીજીના સવિશેષ પ્રીતિપાત્ર બનેલા તરલાબેને પ્રસ્તુત સમારંભની પ્રતીતિકર પૂર્વભૂમિકા બાંધી આપતાં સ્પષ્ટ કર્યું કે "વિદ્યાર્થીઓની અનન્ય સિદ્ધિને બિરદાવવાના સમારંભો આજે જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ગ્રામ, નગર, સામાજિક સંસ્થાઓ કે સમવાયના ડાયરામાં સીમિત થઇ રહ્યા છે. ત્યારે એ ગતાનુગતિક ચીલો ચાતરીને એક, બે કે દસ વિદ્યાર્થીઓનું નહિ, પણ ગુજરાતના તમામ જીલ્લાઓના સાર્વર્ણિક વિદ્યાર્થીઓનું સન્માન કરવાનો જે ઉપક્રમ કર્યો છે તે અનન્ય અને અહોભાવ ઉત્પન્ન કરનારો છે. આવો અદ્વિતીય વિચારતો કરુણામયી મા સર્વેશ્વરીજી જ કરી શકે અને તે આપણા સૌને માટે ગૌરવની વાત છે.

યોગ–જ્યોત–ગૌરવ સમારંભના શુભહેતુક ઉદ્દેશની સ્પષ્ટતા પછી સમારંભના અતિથિવિશેષ જાણીતા સાહિત્યકારશ્રી કુમારપાળ



દેસાઇના સાહિત્યિક અને પત્રકારત્વના ક્ષેત્રના પ્રદાનની તરલાબેને ઝાંખી કરાવી અને સમારંભના પ્રમુખ આચાર્યશ્રી વાડીભાઇ પટેલના વ્યવસ્થાપન કૌશલ્ય અને વ્યક્તિમત્તાનો વિશદ પરિચય કરાવ્યો. આ બંને મહાનુભાવોનું સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટીઓ ભાઇશ્રી રાજુભાઇ જાની અને ભાઇશ્રી વિજયભાઇ કનેરિયાએ પુષ્પહારથી ઉસ્માભર્યું સ્વાગત કર્યું. આ ઉપરાંત ભાવિકોના અત્યાગ્રહને વશ થઇને સભાગૃહમાં ઉપસ્થિત સહુ ભાવિકો વતી અધ્યક્ષશ્રી વાડીભાઇ પટેલ અને અતિથિવિશેષ શ્રી કુમારપાળ દેસાઇએ પુષ્પહાર મા સર્વેશ્વરીના કરકમળોમાં સમર્પિત કર્યા. અને મહાત્મા યોગેશ્વરજીના સ્વયંભૂ જયઘોષથી સમગ્ર સભાગૃહ ગૂંજી ઊઠયું.

આ પ્રમાણે ભાવ અને ભક્તિનું વાતાવરણ બરાબર જામ્યું ત્યારે સમારંભના અતિથિવિશેષ પ્રા. ડૉ. કુમારપાળ દેસાઇને એમના ઉદ્‌બોધન માટે આમંત્રવામાં આવ્યા. એમણે એમના ટૂંકા છતાં અર્થસભર વક્તવ્યમાં ભાવવાહી વાગ્છટામાં વિદ્યાર્થીઓને પ્રાપ્ત સિદ્ધિ માટે હાર્દિક અભિનંદન આપ્યા પણ એટલેથી સંતુષ્ટ ન રહેતાં ઉત્તરોત્તર ઊંચા સોપાનો સિદ્ધ કરવાનો અનુરોધ કર્યો. માનવજીવનમાં આવતા તમામ પડકારોને જીંદાદિલીથી ઊપાડી લઇ વિષમ સંજોગોમાં પણ અણનમ પુરુષાર્થ કરતા રહેવાની અને "નિશાન ચૂક માફ ના કદી નીચું નિશાન"નો જીવનમંત્ર અપનાવવા પ્રેરક ઉદ્‌બોધન કર્યું. જેમ તમામ સુખ સાહ્યબીથી ભરેલા મહેલને માણવા એની ચાવી પાસે હોવી જરૂરી છે એમ નમ્રતા તમામ સિદ્ધિઓનું સુખ મેળવવાની ચાવી છે. વિકલાંગ વ્યક્તિઓએ પણ જીવનમાં અપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. ઈશ્વરે આપણને અમૂલ્ય અંગો આપ્યાં છે એનું મહત્ત્વ પીછાણી સફળતાના શિખરો સર કરવાનો એમણે અનુરોધ કર્યો.

અતિથિવિશેષના આકર્ષક વક્તવ્ય પછી એમને અન્ય સમારંભમાં જવાનું અનિવાર્ય અને પૂર્વનિર્ધારિત હોઇ ચંદ્રક અને શિષ્યવૃત્તિ વિતરણનો પ્રારંભ થયો. પ્રત્યેક જીલ્લાના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પ્રથમ વિદ્યાર્થીઓને પ. પૂ. મા સર્વેશ્વરીએ સ્વહસ્તે કલાત્મક ચંદ્રકશીલ્ડ અને પુષ્પગુચ્છનું પારિતોષિક આપ્યું. અધ્યક્ષશ્રી વાડીભાઇ પટેલના હાથે રૂપિયા પચીસોની શિષ્યવૃત્તિનું કવર અનાયત થયું. અને શ્રી કુમારપાળ દેસાઇએ આધ્યાત્મિક પુસ્તકો અને સામયિકોનો સંપુટ તથા પ. પૂ. માની પ્રસાદીનું વિતરણ કર્યું. શ્રી કુમારપાળ દેસાઇના વિદાય થયા પછી ટ્રસ્ટના ટ્રસ્ટી અને પ. પૂ. માના અનન્ય ભક્ત શ્રી બિપીનભાઇને હાથે પુસ્તકો, પ્રસાદી વગેરેનું વિતરણ થયું. પ્રત્યેક જીલ્લાના વિદ્યાર્થીઓએ સ્વયંભૂ શિસ્ત અને શાલીનતાપૂર્વક પ. પૂ. યોગેશ્વરજીની ભાવવંદના, પ. પૂ. માના ચરણસ્પર્શ અને મહાનુભાવોના પાયલાગણ કરી એમને આપવામાં આવેલો ઉપહાર નમ્રતાથી સ્વીકાર્યો. પ્રત્યેક તેજસ્વી તારલાને પારિતોષિક, શિષ્યવૃત્તિ અને પ્રસાદી આપવાના સમયે સભાગૃહના ભાવિકોએ તાળી પાડીને અને મહાત્મા યોગેશ્વરજીનું પુણ્ય સ્મરણ કરીને આ સત્કાર્યની સાતત્યપૂર્ણ અનુમોદના કરી. પ. પૂ. મા સર્વેશ્વરીએ અંગત રસ લઇને તૈયાર કરાવેલો પોતાના હસ્તાક્ષર સહિતનો કલાત્મક રૂપેરી ચંદ્રકશિલ્ડ તથા રૂપિયા પચીસોનો પુરસ્કાર અને આકર્ષક થેલીમાં અપાયેલી કૃપાભેટ પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓ, વાલીઓ અને સહુ સભાજનો પણ આનંદ અને સંતોષની લાગણી અનુભવતા, પ. પૂ. માના ઔદાર્યની પ્રશંસા કરતા હતા.

સાચા અર્થમાં ગૌરવ આપે અને અપાવે એવા આ યોગ–જ્યોત પારિતોષિક વિતરણ સમારંભ પછી સમારંભના અધ્યક્ષ




પૂ. શ્રી મા સર્વેશ્વરી જેમનો શુભ સંકલ્પ 'યોગજ્યોત ગૌરવ' પારિતોષિક અને શિષ્યવૃત્તિ વિતરણ સમારોહના આયોજનનું નિમિત્ત બન્યો



'યોગજ્યોત ગૌરવ' પારિતોષિક અને શિષ્યવૃત્તિ વિતરણ સમારોહમાં ગુજરાતનાં ૨૫ જીલ્લાના ૪૭ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી પૂ. શ્રી મા સર્વેશ્વરીના વરદ હસ્તે સ્વીકાર્યા. આ વિદ્યાર્થીઓ પૂ. શ્રી મા સર્વેશ્વરી તથા સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે ગ્રુપ ફોટોમાં



''યોગજ્યોત ગૌરવ'' પારિતોષિક અને શિષ્યવૃત્તિ વિતરણ સમારોહની ઝલક






સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત
યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારંભ




સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત
યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારંભ


સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત
યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારંભ


સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત
યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારંભ










































સમારંભના અધ્યક્ષ શ્રી વાડીલાલ પટેલ પૂ. શ્રી મા ના ચરણે પુષ્પો અર્પણ કરી પ્રણામ પાઠવી રહ્યા છે.



અતિથિવિશેષ ડો. કુમારપાળ દેસાઈને તેમના મૂલ્યનિષ્ઠ અને સત્વશીલ સાહિત્યસર્જન માટે શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક અર્પણ થતાં તે સ્વીકારવા અન્ય એક સમારંભમા જવા વિદાય લેતા પૂ. શ્રી મા સર્વેશ્વરીએ તેમને પુષ્પહાર અર્પણ કરી આર્શિવાદ પાઠવ્યા.



પૂ. શ્રી યોગેશ્વરજીના તેમજ પૂ. શ્રી મા સર્વેશ્વરીના અનુયાયી ભક્તો ઉપરાંત પારિતોષિક વિજેતા વિદ્યાર્થીઓના વાલીઓ/સંબંધીઓ તેમજ શાળાના આચાર્યો, શિક્ષકો, કોલેજના અધ્યાપક વગેરેએ છસો ઉપરાંતની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ પ્રદાન કર્યું. ભાઈકાકા ભવન ભરાઈ જતા આમંત્રિતોએ બહાર બેસી સ્ક્રીન પર કાર્યક્રમ માણ્યો.



સરસ્વતી વંદના નુ ચરણોમાં કુ. ઝરમર નૃત્ય પૂ. શ્રી મા ના પંડ્યા એ રજુ કર્યું



આચાર્યશ્રી વાડીભાઈ પટેલે રસાળ શૈલીમાં ઉદ્‌બોધન કર્યું. કેટલાક રમૂજી પ્રસંગો અને વિધાનો ઉદ્‌ધૃત કરીને એમણે સભાજનોનું મનોરંજન કરવાની સાથે સમારંભની ગરિમા પણ જાળવી રાખી અને વિદ્યાર્થીઓને સામાજિક અને વૈયક્તિક જીવનના અનેકવિધ વૈવિધ્યમાં લક્ષ્યને દૃઢતાથી વળગી રહેવાનો અને સાંપ્રત સમાજના પડકારોને ઝીલી લેવાનો અનુરોધ કર્યો. અર્થશાસ્ત્રના અધ્યાપક હોવા છતાં આચાર્યશ્રી પટેલ સાહેબે જાણીતા ગઝલકારોની ચોટદાર ગઝલો અને પ્રસિદ્ધ શાયરોની શેર–શાયરીઓથી વક્તવ્યને અસરકારક બનાવ્યું. જેને શ્રોતાઓનો ઉષ્માભર્યો પ્રતિસાદ સાંપડયો. એ પછી મા સર્વેશ્વરીના આશીર્વાદ સભર સંદેશનું[1] તરલાબેને હૃદયંગમ વાચન કર્યું. મહાત્મા યોગેશ્વરજીના બ્રહ્મલીન થયા પછી સંપૂર્ણપણે અન્નનો ત્યાગ કરી ૧૯૮૪ થી માત્ર ફ્લાહાર અને દૂધ પર જ નિર્વાહ કરતાં મા સર્વેશ્વરીએ ૧૯૯૫ થી મૌનવ્રત ધારણ કર્યું છે. આથી માએ આપેલા લેખિત સંદેશમાં વિદ્યાર્થીઓને સામાજીક ઋણમાંથી મુક્ત થવા અનુરોધ કર્યો. અને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસના આશીર્વાદ આપ્યા. પ. પૂ. માના ઉષ્માભર્યા આશીર્વાદ પછી પારિતોષિક પ્રાપ્ત વિદ્યાર્થીઓ, બડભાગી વાલીઓ અને આમંત્રિત આચાર્યો અને શિક્ષકો પૈકી જેને પ્રતિભાવ વ્યક્ત કરવો હોય એમને મંચપર આમંત્રિત કરવામાં આવ્યા. એના પ્રતિસાદમાં ખેડા જિલ્લાના શાહ કેરવભાઈએ જણાવ્યું "સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી દરેક વિદ્યાર્થીને આ પ્રકારે શિલ્ડ અને ૨૫૦૦/– રૂપિયા સ્કોલરશીપ મળે છે ત્યારે અમને સૌને આનંદ થાય છે. અને પ્રોત્સાહન મળે છે. પૂ. શ્રી 'મા'ના આશીર્વાદને કારણે આજે આવી સફળતા અમને સાંપડી

૧. પ. પૂ. મા સર્વેશ્વરીનો સંદેશો છાપવાનો હોવાથી અહીં માત્ર ઉલ્લેખ જ કરેલ છે.

છે. મને અને અહીં બેઠેલા તમામ વિદ્યાર્થીઓને પૂ. શ્રી માના આશીર્વાદ ફળશે તેનો પૂરો વિશ્વાસ છે." નર્મદા જિલ્લાના રાજપીપળાથી આવેલ કુણાલ ભૂપેશચંદ્ર ચોક્સીએ જણાવ્યું, "આજે મને ઘણો જ આનંદ થાય છે. એક એવું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે કે દરેક પ્રકારે આગળ વધવાની ભાવના ઉત્પન્ન થાય છે. ભવિષ્યમાં આવી જ મહેનત કરતા રહીએ અને ત્યારે પૂ. શ્રી મા અને વડીલોના આશીર્વાદ મળતા રહે" જ્યારે સોનાવાલા હાઇસ્કૂલની વિદ્યાર્થીની પલક કોઠારીએ ભાવસભર રીતે જણાવ્યું કે "મેં ખેડા જિલ્લાનું પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા જે રીતે દરેક વિદ્યાર્થીને ખૂબ જ પ્રોત્સાહિત કરાયા છે. આ રીતે દરેક વિદ્યાર્થીને એમ થાય કે અમે પણ આવું જ કંઇ કરીએ. આ જ રીતે સ્ટેજ પર આવીને પુરસ્કાર પ્રાપ્ત કરીએ. પુરસ્કારની સાથે સાથે સ્ટેજ પર આવીને આટલી બધી વ્યક્તિઓ સામે આપણને સન્માન મળે તે અગત્યની વાત છે. દરેક વક્તાના વક્તવ્યમાંથી પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે અને પ્રેરણા મળી છે. જ્યારે જીવનમાં નિરાશા આવે ત્યારે અમને તરત જ યાદ આવે કે અમે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટમાં ગયા હતા અને અમારું આ રીતે સન્માન થયું હતું. તે તરત જ યાદ આવી જાય. સર્વ વિદ્યાલય કડીના આચાર્યશ્રીએ આવા પ્રભાવક અને અનોખા કાર્યક્રમ બદલ સહુ આયોજકોનો આભાર માન્યો. પ. પૂ. માના આશીર્વાદ વિદ્યાર્થીઓને જરૂર ફળશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી.

સભાના સમાપન પહેલાં પ.પૂ. માના પરમ ભક્ત શ્રી બિપીનભાઇએ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા શ્રી નારાયણભાઇ જાનીના તંત્રીપદે પ્રકાશિત થતા 'અધ્યાત્મ' માસિકનું આજીવન લવાજમ ભરવાની જાહેરાત કરવામાં આવી. જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી. આ ઉપરાંત



ગુજરાતમાં ગુણાત્મક વ્યાપ ધરાવતી બેંક ઓફ સૌરાષ્ટ્રની રીજીયોનલ શાખાના ડીરેક્ટર શ્રી અરુણભાઇ ઓઝાએ બેંક ઓફ સૌરાષ્ટ્રદ્વારા કેટલીક વિદ્યાશાખાઓમાં આગળ અભ્યાસ માટે આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જવાસુધીની વિવિધ આર્થિક લોનો મળી શકે તેની માહિતી આપી અને કોઇ પણ વિદ્યાર્થીનો આગળનો અભ્યાસ પૈસાના અભાવે ન અટકે એવી હૈયાધારણ આપી. શ્રી ઓઝાની જાહેરાત વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉમળકાભેર વધાવી લીધી. આ ઉપરાંત બેંક ઓફ સૌરાષ્ટ્રદ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને પેનસેટ્સ ઉપહારરૂપે ભેટ આપવામાં આવ્યો, તેની ઘણી પ્રસંશા થઇ.

એ પછી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાનીએ સર્વમંગલ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓનો ખાસ કરીને સમાજ અને શિક્ષણાભિમુખ પ્રવૃત્તિઓનો વિસ્તૃત ખ્યાલ આપ્યો અને એમાં પ. પૂ. મા સર્વેશ્વરીના પદે પદે પ્રાપ્ત થતા સૂઝભર્યા માર્ગદર્શન અને આશીર્વાદનો ઉલ્લેખ થતાં શ્રોતાઓએ મહાત્મા યોગેશ્વરજી અને કરુણામયીમાના અનુગ્રહનો આભારપૂર્વક જયઘોષ કર્યો.

પ્રાર્થના અને મંગલગીતથી પ્રારંભાયેલા યોગ–જ્યોત–ગૌરવ સમારોહનું સમાપન પણ મંગલ નૃત્યથી થયું. જાણીતા સંસ્કૃતના પ્રા. શ્રી વિજયભાઇ પંડયાના પુત્રી અને સરદાર વલ્લભભાઇ પટેલ યુનિ. ના સંસ્કૃત વિષયનાં અનુસ્નાતક વિદ્યાર્થીની કુ. ઝરમર પંડયાએ મનમોહક ભરતનાટયમ્ નૃત્ય રજૂ કર્યું, જેમાં રાધા અને કૃષ્ણનો ભાવવાહી પ્રણયભાવની પ્રભાવક મુદ્રાઓ મૂર્તિમંત થતી હતી. કુ. ઝરમરે કવિ દયારામનું ગીત "હું શું જાણું વ્હાલે મુજમાં શું દીઠું રે...." એટલું તો તાદાત્મ્ય અને ચિત્રાત્મક રીતે રજૂ કર્યું કે પ્રેક્ષકવર્ગે તાળીઓના ગડગડાટથી ઉસ્માભેર વધાવી લીધું.

સમારંભના અંતે ભાવનગર યુનિ. ના ડેપ્યુટી રજીસ્ટ્રાર ડો. જાગાણીએ આભારદર્શન પ્રસ્તુત કર્યું. સમારંભની સફળતાના શ્રેય માટે પ. પૂ. મા સર્વેશ્વરીએ પ્રા. તરલાબેન દેસાઈ ડો. અરુણા ઠાકર અને પ્રા. પ્રચેતા પંડયાને યોગેશ્વરની કૃપાપ્રસાદીરૂપ ફલહાર આપીને એમને ધન્ય કર્યાં. સુંદર પ્રાર્થનાગીત રજૂ કરનાર પ્રા. ડો. શુચિતા મહેતા અને કુ. ઝરમર પંડયાને પણ માએ સ્વહસ્તે પુષ્પ-ગુચ્છ અને પ્રસાદી આપી સન્માન્યાં. શ્રી જાગાણી સાહેબે સમા-રંભને સફળ બનાવનાર તમામ અનુયાયી વર્ગનો દૂર–સુદૂર સ્થળેથી આવેલા વિદ્યાર્થીઓ તથા વાલીવર્ગનો કેળવણીકારો, આચાર્યો અને શિક્ષકોનો આભાર માન્યો.

સમારંભના અંતે તમામ મહેમાનો અને ભાવકોએ ઠંડકભર્યા વરસાદી વાતાવરણ વચ્ચે પ. પૂ. માએ પ્રેમથી તૈયાર કરાવેલા મિષ્ટાન્ન સહિતના પ્રીતિભોજનનો પ્રસાદસ્વરૂપે સ્વીકાર કર્યો. અને અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણમાં સમારંભના સારસ્યને વાગોળતા વાગોળતા સહુ સભાજનો વિખરાયા.

આ પ્રસંગ એની રીતે અનન્ય અને અદ્વિતીય રહ્યો.

* * *

**ડો. બી. જે. જાગાણીની આ વિષે નોંધ જોઈએ.**

**પ્રો. શ્રી તરલાબેન પોતાના વક્તવ્યમાં પ. પૂ. શ્રી યોગેશ્વર-જીનો અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો પરિચય આમ આપે છે.**

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અને ગુજરાતના મહાન સંત શ્રી યોગેશ્વરજીનો પરિચય આપતાં કહ્યું ગુજરાતના અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરોડા ગામમાં ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ ના રોજ તેઓશ્રીનો જન્મ થયો. મુંબઈમાં શાળાકીય શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ હિમાલયમાં સાધના કરી, ચિંતા નહીં–



ચિંતન કરોનું સૂત્ર જીવનમાં વણ્યું, જગદંબાને આર્ત હૃદયે પોકારો પાડયા. પ્રેમયોગ અને પ્રેમભક્તિની પગદંડીને રાજમાર્ગ બનાવ્યો. અધ્યાત્મની સિદ્ધિનાં શિખરો સર કર્યાં. વેદ, ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, પાતંજલયોગસૂત્ર, ગીતા, મહાભારત, રામાયણ જેવા ગ્રંથોની સરળ સમજ અક્ષર દેહમાં કંડારી. સામાન્ય જનસમાજ-ને તેની ભેટ ધરી. તેઓ ગુજરાતના શંકરાચાર્ય ગણાય. સાધના-દ્વારા અનેક સંતો, દેવ–દેવીઓના દર્શન કર્યાં, પોતાના પૂર્વજન્મનું જ્ઞાન પ્રાપ્ત થયું. આ બધું 'પ્રકાશના પંથે' પુસ્તકમાં દસ્તાવેજી પુરાવા સમાન છે. આવા સંત સૂર્ય સમાન પ્રકાશે છે. છતાં શીતળતા આપે છે.

**પૂ. મા વિષે બોલતાં કહ્યું.**

સુરત જિલ્લાના કપુરા ગામે ૧૩ નવેમ્બરે ૧૯૪૩ માં પૂ. માનો જન્મ થાય છે. બી. એ.ની ડીગ્રી ગુજરાતી વિષય સાથે મેળવી છે. ઉમાશંકર જોશી નામનો ગોલ્ડમેડલ મળે છે. સુરતની સાધના સ્કૂલમાં પ્રિન્સિપાલ બને છે. ૧૯૭૧ માં પૂ. યોગેશ્વરજીના દર્શન થાય છે. ગુરુપદે સ્થાપે છે. ૧૯૭૮ માં દિવ્યદીક્ષા મળે છે. ૧૯૭૯ માં નોકરી છોડી પૂ. યોગેશ્વરજીને હાર્ટએટેક આવેલ હતો એટલે સેવામાં લાગી જાય છે. સ્કૂલનું નાનકડું ક્ષેત્ર છોડી વિશ્વવ્યાપનું મોટું ક્ષેત્ર સ્વીકારે છે. દૂરદર્શી, અંતર્યામી અને દુઃખભંજન 'મા' તરીકે સાધકોના હૃદયમાં બિરાજ્યાં છે. ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીના શરીર શાંત થયા પછી ૧૯૮૪ થી અન્ન નહીં લેનાર પૂ. મા, દર ત્રીજા દિવસે નિર્જળા ઉપવાસ કરનાર, મૌન સેવી પૂ. મા આધ્યાત્મિક વિજ્ઞાનની જીવંત પ્રયોગશાળા છે. પરમાત્માને જ્યારે પ્રેમના સ્તરે અવતરણ કરવાનું મન થાય ત્યારે સર્વેશ્વરીરૂપ ધરે તેમ જણાય છે. તપથી તપ્ત થયેલ અંગાંગ શરીર ધરાવતાં પૂ. મા ઘડીમાં અંબાજીના સ્વર્ગારોહણમાં બિરાજમાન

છે, તો ઘડીમાં અમેરિકા કે કેનેડાની કેલેગેરી શિબિરમાં ઉપસ્થિત રહે છે. હરિદ્વારા, ઋષિકેશ, શિરડી, દેવપ્રયાગ, દશરથાચલ, વૈષ્ણો-દેવી, અરૂણાચલ, મુંબઇ, સુરત, મોરબી, કચ્છ, અમેરિકા, કેનેડા, દક્ષિણ આફ્રિકા, વગેરે સ્થળોએ વિચરણ કરે છે. 'ૐ યોગેશ્વરાય નમઃ'નો મંત્ર તેઓનો પ્રાણવાયુ છે, 'તું હી–તું હી'નો આત્માનો પોકાર તેઓશ્રીના રુંવે રુંવે ઊઠે છે. પૂ. મા આધુનિક યુગનો ચમત્કાર છે.

અતિથિવિશેષ તરીકે શોભાયમાન ડૉ. કુમારપાળ દેસાઇ પોતાનું પ્રેરક વક્તવ્ય આગવી શૈલીમાં રજૂ કરે છે. વિદ્યાર્થીઓએ જીવન-માં ચાર સદ્‌ગુણો–નમ્રતા, પ્રેમ, સમતા અને ક્ષમતા–ની ખીલ-વણી કરવી જોઇએ. નમ્રતાથી જીવનમાં આધ્યાત્મિક સિદ્ધિ–ભૌતિક સિદ્ધિના મોટા મહેલના દરવાજાની ચાવી મળે છે. રવીન્દ્રનાથ ટાગોર ચાંદનીના પ્રકાશને નમ્રતા સાથે સરખાવે છે. શયનખંડમાં નાઇટ લેમ્પ જ્યાંસુધી જગે છે ત્યાંસુધી બહારની ચાંદનીનો અનુભવ થતો નથી. પરમાત્માની ચાંદનીની શિતળતા માણવી હોય તો અહંકારનો લેમ્પ બંધ કરવો જોઇએ. વિદ્યાર્થી-ઓએ ઊંચું નિશાન તાકવું જોઇએ.

દરેક માણસે બીજા જીવો, પ્રાણી, વનસ્પતિ પર પ્રેમ રાખવો જોઇએ. અસહાય માણસનો સહારો બનવું જોઇએ. ઇંગ્લાંડના લેખક માર્ક ટવીન દુઃખી મિત્રને મળે છે. તેની એક આંખ સાચી છે, બીજી આંખ ખોટી છે. સાચી આંખ કઇ અને ખોટી આંખ કઇ તે અંગે ૫૦૦ પાઉંડના ઇનામની શરત લગાડે છે. જે આંખ બીજાના દુઃખે ભીની થાય તે સાચી અને બીજી ખોટી. બસ ભીની આંખ થાય એટલે માનવતા જીવી જશે.

સમતા નામનો ત્રીજો સદ્‌ગુણ ખૂબ જરૂરી છે. જીવનમાં



સંઘર્ષ આવે, મુશ્કેલી આવે, સાંજે સૂર્ય ડૂબે અને સવારે ઊગે. કૃપણતા, દરિદ્રતા, ક્ષુદ્રતા જીવનમાં આવે છે. આ બધી દુર્દશાને ભક્તિ, શક્તિ અને મૈત્રીથી જીતવા પડશે. કર્કશ વાતાવરણમાં પણ સમતા રાખવી પડશે. પરમાત્માનો પ્રકાશ અંધકારમાં પણ જોવાની ટેવ પાડવી પડશે.

વિદ્યાર્થી જીવનમાં આધ્યાત્મિક ક્ષમતા પ્રાપ્ત કરવી પડશે. શંકરાચાર્ય, વિવેકાનંદ, રામકૃષ્ણદેવ, રામતીર્થના જીવનસંદેશ ઝીલીને જીવનમાં ક્ષમતા મેળવવી પડશે. માનવજીવનનો ઊંચામાં ઊંચો કૂદકો અધ્યાત્મની ખોજ છે.


ક્ષમાનું વલણ : ખોટી વાણી વગેરેથી કોઇ માનસિક દુઃખ દે, અથવા પ્રહારાદિવડે શારીરિક દુઃખ દે, તોપણ તેનાં ઉપર ક્રોધ ન કરવો તથા તેને દંડ દેવાની ઇચ્છા પણ ન કરવી, તેને ક્ષમા કહે છે. (સનાતન ધર્મસાર)

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦

મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે, ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

# સમારોહના પ્રતિભાવો

## પ્રતિભાવ-૧ : સંત પરમ હિતકારી

તા. ૬, જુલાઇ-૨૦૦૨ ને શનિવારનો સંધ્યાસમય મારે માટે એક અનોખું સંભારણું બની ગયો. આ દિવસે ગુજરાતના એક મહાન સંત શ્રી યોગેશ્વરજીએ સ્થાપેલી એક સંસ્થા ધોરણ ૧૨ ના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાની હતી, એટલું જ નહિ એમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રેરણાસ્રોત એવાં બીજાં એક તપસ્વી પરમ પૂજ્ય શ્રી મા સર્વેશ્વરી ઉપસ્થિત રહી આશીર્વાદ આપવાનાં હતાં. આ પ્રસંગનું આમંત્રણ અને આગ્રહ કરનાર પ્રાધ્યાપક અરુણાબેન ઠાકર ન હોત તો આવો પ્રસંગ ચૂકવાનો વસવસો રહી જાત.

આ પ્રસંગે હાયર સેકન્ડરી પરીક્ષાના વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ચોપન વિદ્યાવ્યાસંગીઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું. આમ તો આવા સમારંભોની જવાબદારી ઉપાડવાનો ધર્મ તો આમપ્રજાએ જ બજાવવાનો હોય, છતાં એક ત્યાગી સંતે એક અનુકરણીય આદર્શ પૂરો પાડયો અને સમારંભને ઊજળો બનાવ્યો, એમણે પ્રત્યેક વિદ્યાર્થીને રૂા. ૨૫૦૦/-ની શિષ્યવૃત્તિ ઉપરાંત બીજું અમૂલખ જીવનપાથેય આપી એ તેજસ્વી વિદ્યાર્થીઓમાં અનેરા ઉત્સાહનું સિંચન કર્યું.

સમારંભના અધ્યક્ષ આચાર્યશ્રી વાડીભાઇ પટેલ અને



અતિથિવિશેષ પ્રા. ડૉ. કુમારપાળ દેસાઇનાં વક્તવ્યોએ સમારંભમાં અનેરી દીપ્તિ જગાવી.

તો, ઉદ્‌ઘોષક પ્રા. તરલા દેસાઇ પણ સહેજે ઊણાં ઊતરે એવાં નહોતાં. એમનાં પ્રસંગોચિત વક્તવ્યો પણ અનેરી આભા પ્રગટાવતાં હતાં.

પરમ પૂજ્ય શ્રી માની મૂક આશિષોથી એ વિદ્યાર્થીઓ પણ શ્રેયાર્થીઓ બની ગયા-શ્રોતાઓ પણ.

આવાં સંતોની કૃપા સમાજ ઉપર તેમ આપણા સૌ ઉપર સદાય વરસતી રહો એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. પૂજ્ય શ્રી માને હાથે હજુ પણ આવાં સદ્‌કાર્યો થતાં રહે એવું નિરામય આયુષ્ય મળે એવી પણ પ્રભુપ્રાર્થના.

આપનો કૃપાપ્રાર્થી

**ડૉ. ત્રિકમભાઇ એન. પટેલ**

## પ્રતિભાવ-૨ : આત્મકલ્યાણ અને જનકલ્યાણ.

સંતોની સુવાસ સદૈવ સમાજ અને માનવ ઉત્થાનને માટે પ્રેરણાદાયી બનતી હોય છે. સંતના નશ્વર દેહની ઉપસ્થિતિ કે અનુપસ્થિતિનો એમના મંગલ પ્રભાવમાં લેશમાત્ર ફરક પડતો નથી. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ જ્ઞાન, સેવા અને સાધનાથી સમાજ અને રાષ્ટ્રને અજવાળ્યો હતો અને હૃદયની ઉચ્ચ, દિવ્ય અને ઉર્ધ્વગામી ભાવનાઓનાં અજવાળાં વહેંચવાની એ જ પ્રવૃત્તિ આજે પૂ. મા સર્વેશ્વરીદ્વારા અનવરત ચાલી રહી છે. મંગલમય ધર્મની કે સાચા સંતની એક આંખ આત્મકલ્યાણ પર અને બીજી આંખ જનકલ્યાણ પર મંડાયેલી હોય છે. પૂ. મા સર્વેશ્વરીની એ ભાવનાદૃષ્ટિનો સાક્ષાત્ અનુભવ અમદાવાદના

ભાઈકાકા ભવનમાં યોજાયેલા તેજસ્વી વિદ્યાર્થીઓના પ્રેક્ષકોથી ખીચોખીચ પારિતોષિક–સમારંભમાં થયો. મંત્રોના મધુર ગાન વચ્ચે પૂ. મા સર્વેશ્વરીની પ્રસન્ન, મૌનસભર અને પ્રેરણાદાયી ઉપસ્થિતિ સાથે એવી રીતે કાર્યક્રમ યોજાયો કે જાણે પ્રાચીન કાળના કોઈ આશ્રમમાંથી વિદ્યાર્થી ઉત્તીર્ણ થઈને જતો હોય તેવું લાગ્યું! શ્રી રાજુભાઈ જાનીએ આપેલો ટ્રસ્ટનો માનવતાલક્ષી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો પરિચય અને પ્રા. તરલાબેન દેસાઈની પ્રસ્તુતિ સહુને સ્પર્શી ગઈ. કોલેજ અને સ્કૂલના આચાર્યો તથા વિદ્યાર્થીઓનો પ્રતિભાવ આવતી કાલની ઊજળી આશારૂપ બની રહ્યો. સહુથી વધુ તો પૂ. મા સર્વેશ્વરીની પ્રેરણાદાયી હાજરી અને તેમનો સંદેશ સમગ્ર કાર્યક્રમના શિરમોરરૂપ બની રહ્યો.

ડૉ. કુમારપાળ દેસાઈ

## પ્રતિભાવ–૩ : ભાવિ તારલાઓને પગદંડી મળી.

તા. ૬–૭–૨૦૦૨ ના રોજ ભાઈકાકા હોલ ખાતે પૂ. માના આશીર્વાદથી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા ગુજરાતના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઈનામો આપવાના કાર્યક્રમમાં મને જે આમંત્રણ મળ્યું તેને હું મારા જીવનની એક મૂલ્યવાન તક સમજું છું. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ અને લાગણીસભર રહ્યો.

સરસ્વતી અને સંસ્કૃતિના સંગમસમા આ કાર્યક્રમમાં ભારત-ના ભાવિ તારલાઓને જીવનની નવી કેડીએ પગરણ માંડવા માટેની પગદંડી મળી છે. સફળતાના મૂલ્યો અને સાંસ્કૃતિક વારસો મળ્યો છે. જીવનનું ધ્યેય સિદ્ધ કરવા માટેની એક નવી દિશા મળી છે. આશીર્વાદનો એક પ્રકાશપુંજ મળ્યો છે. જે નિઃશંકપણે આ બાળકોને ભાવિ સમસ્યાઓથી અને અંધકારથી અલિપ્ત રાખશે.



મને, મારા છેલ્લા ત્રણ દાયકાના જુદી જુદી સંસ્થાઓ સાથે-ના શૈક્ષણિક સમન્વય અને અનુભવ પરથી માલૂમ પડયું છે કે ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે દૃઢ મનોબળ, એકાગ્રતા, ધ્યાન, પ્રાર્થના અને અવિરત પ્રયત્નો જરૂરી છે. અને આ બધા માટેનું ચુંબકીય તત્ત્વ છે–સંતના આશીર્વાદ. આ વિદ્યાર્થીઓ ખરેખર નસીબદાર છે કે તેમને જીવનઘડતરના આ નિર્ણાયક તબક્કામાં પ્રેરણા મળી છે, આશીર્વાદ મળ્યા છે. અને ધ્યેયસિદ્ધિ માટેનો નવો આત્મ-વિશ્વાસ મળ્યો છે. આ એક નવી મૂડી છે કે જે તેમના જીવનમાં ક્યારેય ખાલીપો લાવશે નહિ.

પૂ. માના પ્રયત્નો ઉમદા છે, જે વિદ્યાર્થીઓને ખૂબ જ લાભો અપાવશે. અને જ્યારે એક દાયકા પછી તેઓ જીવનની વાસ્તવિક દુનિયામાં પગરણ માંડશે ત્યારે તેમનું દેશ અને ભારતીય સંસ્કૃતિ માટેનું પ્રદાન અને યોગદાન અમૂલ્ય રહેશે.

પ્રો. યોગેન્દ્ર પંડયા

## પ્રતિભાવ–૪ : જ્ઞાનની જ્યોત સંકોરી

પૂ. મા સર્વેશ્વરીજીની આજ્ઞાથી કલમ ઉપાડી છે. પૂ. માએ જ્ઞાનની જ્યોતને સંકોરી. ધો. ૧૨ ના તેજસ્વી તારલાઓનું અભિ-વાદન કરી તેમનામાં પ્રેરણા અને પ્રોત્સાહનના પ્રાણ રેડયા છે. ઉગતા પુષ્પોને જ્ઞાનની સાથે કેળવણીની સાથે આધ્યાત્મિકતાનો સંપુટ આપી સાચી દિશા બતાવી છે. અને ખરે જ, વિદ્યાર્થીઓના પ્રતિભાવમાં તે તેજ દૃષ્ટિગોચર થયું છે. આજના નિસ્તેજ જણાતા વિદ્યાર્થી જગતમાં જાણે કે તેજનું કિરણ દેખાયું છે. ખૂબ જ આનંદ.... આનંદ... છે. અમને પણ પ્રેરણા મળી છે. દોડીને થાક્યા હતા. એકલા છીએ તેમ લાગતું હતું પણ.... હાશ અનુ-

ભવાઈ છે. સતત આવા કાર્યક્રમો થતા રહો અને અમને એમાં નિમિત્ત બનાવતા રહો, તે જ પ્રાર્થના. હા... કાર્યક્રમની નોંધનીય વાતો બાકી રહી ગઈ. ખીચોખીચ ભરેલા હોલમાં કેવી રીતે પ્રવેશ કરવો, ક્યાં બેસવું તેની વિમાસણ થતી હતી ત્યાં જ અરૂણાબેન દોડી આવ્યાં, દોરી ગયાં... બેસાડી દીધી. અને સાચે જ.. હું તો ઊભી હતી. અરૂણાબેન, પ્રચેતા સાથે દોડી આવ્યાં, દોરી ગયાં અને માના ખોળામાં બેસાડી દીધી. આદરણીય શ્રી વાડીભાઈ પટેલ તેમ જ આદરણીય શ્રી કુમારપાળ દેસાઈના મનનીય પ્રવચને તેમ જ અસ્ખલિત વાણીથી સૌને સંયોજતા સૂત્રધાર સુશ્રી તરલા-બેન મનમાં અંકાઈ ચૂક્યાં છે. અને તત્કાલ પ્રતિભાવ આપવા ઊભા થયેલા બંને વિદ્યાર્થીઓએ આશાનું કિરણ બતાવી દીધું છે. અને તેમાંય સાહિત્ય સાથે સંગીતની સંગતથી, કુ. ઝરમર પંડયા-ના નૃત્યથી દિલ નાચી ઊઠયું છે. પ્રત્યક્ષ પૂ. માની સ્નેહ નીતરતી આંખોથી મન ભીંજાઈ ગયું હતું અને કાર્યક્રમ સંપન્ન થયા બાદ બહાર નીકળ્યાં ત્યારે પ્રકૃતિ પણ મન મૂકીને ભીંજવવા આવી ગઈ હતી! અને તેમાંય ભીંજાયેલ તન–મન સાથે પૂ. માને વિદાય આપવા માટે બહાર ઊભી હતી ત્યાં જ પૂ. માના કરકમળદ્વારા જીવનમાં સુવાસ ફેલાવવાનો સંદેશો આપતો સફેદ સુગંધિત મોગરા-ના પુષ્પનો પ્રસાદ મારા જીવનનું અનેરું સ્મરણભાથું બની રહેશે.

ડૉ. ગીતા મહેતા

### પ્રતિભાવ–૫ : મહાત્મા યોગેશ્વરજીનો જ્ઞાનયોગ

ગુજરાત, ભારત અને વિશ્વમાં પ્રશસ્ત ગુજરાતી સંત–મહાત્માઓમાં મહાત્મા યોગેશ્વરનું સ્થાન આદરપૂર્વક ગણનાપાત્ર છે. તેઓ જ્ઞાની, યોગી, સાહિત્યકાર અને આધ્યાત્મિક વિદ્યાપુરુષ



હતા. તેમણે દોઢસો જેટલી કૃતિઓદ્વારા ગુજરાતી કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ અને ચિંતનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. ધર્મ-તત્ત્વચિંતનના પોણો સો જેટલા ગ્રંથો આપ્યા છે. તેમનો બહોળો અનુયાયીવર્ગ છે. તેમના નિધન પછી તેમનાં ઉત્તરાધિકારિણી મા સર્વેશ્વરી તેમના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને વિકસાવી રહ્યાં છે.

તેમના સર્વમંગલ ટ્રસ્ટ તરફથી વિવિધ આધ્યાત્મિક અને વિદ્યાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે. તાજેતરમાં તેમના તરફથી ગુજરાતનાં પ્રતિભાવંત વિદ્યાર્થી ભાઈબહેનોને પોંખવામાં આવ્યાં હતાં. પૂ. માની નિશ્રામાં ડૉ. કુમારપાળ દેસાઈ અને પ્રિ. વાડીભાઈ પટેલ જેવા વિદ્યાપુરુષોને હસ્તે પારિતોષિકો ઉપરાંત માતબર રકમની શિષ્યવૃત્તિઓનું વિતરણ કરવામાં આવ્યું. પૂ. માનાં સંતાનોનો મેળો જામ્યો હતો. માના આશીર્વાદથી સૌ ધન્ય થયાં. કાર્યક્રમમાં સતત 'શ્રી યોગેશ્વરાય નમઃ'ના જયનાદ ગાજતા રહ્યા. સંખ્યાબંધ અધ્યાપકો–ભાવિકો ઉપસ્થિત હતા.

મૌન ધારણ કરતાં પૂ. માના શુભાશિષના સંદેશનું પઠન કરવામાં આવ્યું, અને આધ્યાત્મિક પરિવેશ ખડો થયો. સાથે શાસ્ત્રીય નૃત્યનો કાર્યક્રમ પણ સોનામાં સુગંધ જેવો હતો. સઘળાંએ મીઠો પ્રસાદ આરોગ્યો.

મહાત્મા યોગેશ્વરના જીવન–કવન પર ડૉ. અરુણાબહેને મહાનિબંધ લખ્યો છે, તેમનું તેમ જ અન્યનું સન્માન કરવામાં આવ્યું હતું, તે પણ પ્રસંગોચિત રહ્યું. મહાત્મા યોગેશ્વરજીના સાહિત્યનો મેં અભ્યાસ કર્યો છે. તે સાહિત્ય સમૃદ્ધ છે. પણ મોટા-ભાગનું સાહિત્ય અપ્રાપ્ય અને અપ્રગટ છે. સર્વમંગલ ટ્રસ્ટ તેનું પ્રકાશન કરે તે ઈષ્ટ છે. વળી માના મૌનને કારણે એ સાહિત્યનું

જ્ઞાન લોકોસુધી પહોંચતું નથી. કેટલાક ગ્રંથો (ગીતા, યોગ, બ્રહ્મ-સૂત્ર જેવા)નું તો પારાયણ થવું ઘટે. આ માટે પણ અધિકારી વક્તા–વ્યાખ્યાતા–કથાકારદ્વારા જ્ઞાનસત્રોનો પ્રબંધ થવો જોઇએ. પૂ. યોગેશ્વરજીનો જ્ઞાન–યોગ સતત પ્રવર્તતો અને વિવર્ધતો રહે એ જ અપેક્ષા.

પ્રિ. ડો. બહેચરભાઇ પટેલ, (નિવૃત્ત)

**પ્રતિભાવ–૬ : અધ્યાત્મ, સાહિત્ય ને શિક્ષણનો ત્રિવેણી સંગમ**

અમદાવાદના ભાઇકાકા ભવનમાં શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું બન્યું તેને મારા જીવનની એક આનંદદાયક ઘટના ગણું છું. આ પ્રસંગે અધ્યાત્મ, સાહિત્ય અને શિક્ષણનો વિરલ ત્રિવેણી સંગમ યોજાયો હતો. પૂજ્ય મા સર્વેશ્વરીની ઉપ-સ્થિતિએ વાતાવરણમાં એક એવી આધ્યાત્મિક આભા પ્રસરાવી હતી કે જેને પરિણામે આ સમારંભ અત્યંત વિશિષ્ટ બની રહ્યો. આધ્યાત્મિકતા એ અંતર્યાત્રાની વાત હોવા ઉપરાંત એની દૃષ્ટિ માનવકલ્યાણ પર ઠરેલી હોવી જોઇએ અને એ બાબત અહીં જોવા મળી કે જ્યાં ગુજરાતના તમામ જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થી-ઓ શિક્ષણવિદોના હાથે પુરસ્કૃત થયા અને વિશેષે તો પૂજ્ય માના આશીર્વાદથી ધન્યતા પામ્યા.

ડૉ. પ્રીતિ શાહ

**પ્રતિભાવ–૭ : નિસરણી બની ઊભાં**

પૂ. માના આશીર્વાદ અને 'સર્વમંગલ' ટ્રસ્ટને અભિનંદન...

પૂ. માને પ્રણામ.

પૂ. સર્વેશ્વરીમાની ઉપસ્થિતિ આજના દિવસને સર્વમંગલ નામને ઉજ્જ્વલિત કરી બતાવે છે. આ ટ્રસ્ટની ભાવના આજના નિમિત્તે ઘણું બધું કહી જાય છે. માનું મૌન અને સર્વમંગલ



સંસ્થાની દંભ વગરની પ્રવૃત્તિ–પ્રક્રિયા મોટી છાપ પાડી જાય છે. 'યોગ જ્યોત ગૌરવ'–પ્રતીક મેડલદ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન રૂા. ૨૫૦૦/– ની સ્કોલરશીપ અને એક અદ્ભુત કીટ જેમાં આધ્યાત્મિક, સંસ્કારલક્ષી પુસ્તકો અને મધુર કંઠથી ગવાયેલ સ્તુતિ–ગાનની કેસેટ્સ...

કેટલું ઊંચું અને ઉત્તમ કાર્ય.

પ્રેરણાદાયી 'યોગ જ્યોત ગૌરવ'–પ્રતીકની ભેટ, સ્કોલરશીપ અર્થાત્ લક્ષ્મીની કૃપા, કીટદ્વારા મા સરસ્વતીની વંદના અને સમગ્રનો સમન્વય કરીએ તો શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારના સંપુટની માના આશીર્વાદ અને સહૃદયી ભેટ! કેટલી મોટી કૃપા અને આશિષ... પૂ. માના વિદ્યાર્થીઓ માટે.

વર્તમાનયુગમાં લેનારા અને ઝૂંટવી લેનારા વિશેષ જોવા મળે છે, ત્યારે 'સર્વમંગલ' ટ્રસ્ટે એક સાથે આપવાનું અને એમાંય અદ્ભુત વારસો અને આશીર્વાદ આપવાનું આયોજન કર્યું ત્યારે કવિ 'કાગ'ની રચના–

"અમે નીસરણી બનીને ઊભા,
ચઢનારા અમને નો મળ્યા...."

પણ અહીં તો સંસ્થાએ વિકાસના પગથિયાંની અદ્ભુત નીસરણી ઊભી કરી દીધી છે. માત્ર ચઢનારાએ આગવી પ્રતિભા–છાપ ઉપસાવીને આવવાનું છે! આ ક્ષણે અનેક જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન આપવાનું અને બિરદાવવાનું મન થાય છે.

પૂ. માની ઉપસ્થિતિને ધ્યાનમાં લેતાં એક ગીતની પંક્તિ ગાવાનું મન થાય છે....

જિંદગી હૈ હકીકત પુરાની,
ચલકે રુકના હૈ ઉસકી રવાની,
ફર્ઝ પુરા કરો બંદગીકા,
ક્યા ભરોસા હૈ જિંદગી કા....

આ ક્ષણે સંકલ્પ કરીએ કે શિક્ષણમાં ઉત્તરોત્તર વિકાસ થાય અને અવારનવાર પૂ. માની ઉપસ્થિતિમાં આશિષ–આશીર્વાદ લેવાનું બને. અને સાત્ત્વિકતાની બંદગી–પ્રાર્થના કરવાનું કાયમ રહે એ જ અભ્યર્થના... અસ્તુ. પ્રા. ઘનશ્યામભાઇ ગઢવી

## પ્રતિભાવ–૮ : પ્રેરણા અને પ્રોત્સાહક ઘટના

સમગ્ર ગુજરાતના વિજેતા રત્નોનું અભિવાદન–સન્માન ચંદ્રક, રોકડ પુરસ્કાર, દિવ્યગ્રંથો અને પ્રસાદથી કરવામાં આવેલ હતું. સામાજિક અને શિક્ષણક્ષેત્રે ટ્રસ્ટની આ પ્રવૃત્તિ ખરેખર પ્રેરક પ્રશંસનીય છે. વિજયી વિદ્યારત્નોમાં તેમ જ ભાવિ અભ્યાસુઓમાં પ્રેરણા, પ્રોત્સાહન, ઉલ્લાસ અને આધ્યાત્મિકતા પ્રગટે એવી આ ઘટના હતી.

આયોજકોની પ્રમુખ, અતિથિવિશેષ તેમ જ ભક્તિના રંગે રંગાયેલ અધિકારી પ્રેક્ષકવૃંદની પસંદગી પ્રસંગને અનુરૂપ હતી. હોલ દિવ્યતાના સૂક્ષ્મઅંશ, પાવિત્ર્ય અને આધ્યાત્મિક અનુભૂતિથી મહેંકતો હતો. એને વર્ણવવાની મારી પાસે શબ્દાવલિ નથી. સમગ્ર પ્રસંગનું આયોજન તેમ જ પ્રા. તરલાબહેન દેસાઇનું સંચાલન ખૂબ સુંદર હતું.

છેલ્લે 'મધુર સમાપન'માં મહાપ્રસાદ અમીરસના સ્રોતથી છલકાતો હતો. અસ્તુ. પ્રો. ભીખુભાઇ પટેલનું 'પૂજ્ય મા'ના ચરણામ્બુજમાં શીર્ષ.



## પ્રતિભાવ–૯ :

આત્મિય ભાઇ શ્રી સ્નેહસ્મરણ.

પૂજ્ય શ્રી 'યોગેશ્વરજી' તથા પૂજ્ય 'મા સર્વેશ્વરીજી'ના શ્રીચરણમાં સાદર વંદન સહ,

વિજાપુરથી વિષ્ણુ–કપિલા–આશુતોષના સહપરિવાર નમસ્કાર.

સર્વમંગલ ટ્રસ્ટ ઉપક્રમે યોગ–જ્યોત–ગૌરવના ૬–૭–૦૨ શનિવારના કાર્યક્રમમાં ચિ. આશુતોષ ત્રિવેદી (એચ. એસ. સી.–સામાન્ય પ્રવાહ મહેસાણા જીલ્લા–પ્રથમ)ના વાલી તરીકે સહ ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ચિ. આશુતોષને અને અમને પણ પૂજ્ય 'મા સર્વેશ્વરીજી'ના આશીર્વાદ પ્રાપ્ત થયા તે બદલ ટ્રસ્ટ પ્રત્યે કૃતજ્ઞતા અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

સમયાભાવ અને ભરચક હોલમાં છેલ્લી પંક્તિની ખુરશી હોઇ મંચપર આવી પ્રતિભાવ આપવો વ્યવહારિક નહોતો, તેથી પત્રદ્વારા તે ફરજ નિભાવું છું.

આપે સવાયા વાલી તરીકે મારા ચિ. આશુતોષને પ્રોત્સાહિત કર્યો છે. તેને કાર્યક્રમમાં આત્મિક–બૌધિક વૈચારિક (પૂ. 'મા'દ્વારા અને વિદ્વાન વક્તાદ્વારા) અને આર્થિક (સ્કોલરશીપ અને એસ. બી. એસ.ની યોજનાદ્વારા) પ્રોત્સાહન આપ્યું છે તે બદલ અમે આભારી છીએ.

પૂ. 'મા સર્વેશ્વરીજી'ની મહાનતા, આટલી સરળતા અને સાદગીમાં, સમાતી જોઇ અભિભૂત થઇ જવાયું. આખા કાર્યક્રમમાં વિવિધલક્ષી દેવામાં–આપવામાં જ આવ્યું. ક્યાંય લેવાનો–દાન–ફાળાની આડકતરી અપીલ સુદ્ધાં પણ ન થઇ તે ધાર્મિક ટ્રસ્ટની

પરંપરાગત માન્યતાછાપની તદ્દન વિપરીત અને આશ્ચર્ય પમાડે તેવું હતું.

આત્મા-અનાત્માની લૂખી ચર્ચામાં જ ઇતિશ્રી માનતા કહેવાતી આધ્યાત્મિક પ્રવૃત્તિ અને ધર્મના નામે ઇમોશનલ ઉન્માદ જગાડી કે ભય-લાલચ બતાવી માનવીના ચિત્તના બદલે, વિત્તના હરણના વિચાર કરનાર પ્રવૃત્તિઓની આજની ભરમાળમાં સર્વ-મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ એપ્લાયડ આધ્યાત્મિકતાનો યજ્ઞ કરે છે. તે નમસ્કારણીય છે. પુનશ્ચ: આ યજ્ઞના દર્શન-પ્રસાદના સદ્‌ભાગી બનાવવા બદલ આપનો આભાર. વિષ્ણુના વંદન.

**પ્રતિભાવ-૧૦ :**

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે સંચાલિત થયો. એમાંય અમને આધ્યાત્મિક વાતાવરણ, કાર્યકરોની વિનમ્રતા, કાર્યક્રમનું વૈવિધ્ય અને બપોરે ત્રણ વાગ્યે રજીસ્ટ્રેશનથી માંડીને રાત્રે આઠ વાગ્યે મહાપ્રસાદ સુધીના સમગ્ર કાર્યક્રમની ઝીણામાં ઝીણી ઘટના પાછળ રહેલી ચીવટ, કાળજી, પ્રેમ અને ઉત્સાહ બહુ જ સ્પર્શી ગયાં.

પૂ. 'મા', તમારું માર્ગદર્શન અને પૂ. 'યોગેશ્વરજી'નું પ્રેરક બળ-આના વગર આવો સરસ કાર્યક્રમ કેવી રીતે થાય?

અમે આપના દર્શન કરીને ધન્યતા અનુભવી, પ્રભુએ અમને 'સર્વમંગલ' ટ્રસ્ટનો પરિચય કરાવ્યો, એને અમે અમારું સદ્‌-ભાગ્ય ગણીએ છીએ. ભવિષ્યમાં શક્ય એટલું જલ્દી અમે અંબાજી ખાતે તમારાં દર્શન કરવા આવીએ એવી ઇચ્છા છે.

પી. એસ. મહેન્દ્રના વંદન.



**પ્રતિભાવ-૧૧ :**

આપનારા તો ઘણા હોય છે, પરંતુ સંસ્કાર સાથે સન્માન તો કોઇક જ કરે. આપના દ્વારા કરવામાં આવેલ સન્માનથી મારી દીકરીમાં ખૂબ જ આત્મવિશ્વાસ વધ્યો છે. અને તેનું જોઇને મારા દીકરા પર પણ ઘણી અસર પડી છે.

પ. પૂ. 'મા સર્વેશ્વરી'દ્વારા આપવામાં આવેલ સંદેશની ઝેરોક્ષ નકલ મળી. થોડામાં 'મા'એ ઘણો મોટો સંદેશ આપેલ છે. મેં તે સંદેશ મારી પુત્રીની પ્રમાણપત્રોની ફાઇલમાં સાચવવા માટે આપેલ છે. જેથી તેને જ્યાંસુધી અભ્યાસ કરે અને નોકરીએ લાગે ત્યાંસુધી તેને તેના કર્તવ્યની યાદ અપાવે. રમેશ ખત્રી.

**પ્રતિભાવ-૧૨ :**

આપના ટ્રસ્ટદ્વારા આયોજીત "યોગજ્યોત ગૌરવ" પારિતોષિક ખરેખર બાળ પ્રતિભાનું ગૌરવ વધારનાર સમારોહ હતો. એક જ સ્થળે ગુજરાત રાજ્યના જિલ્લાઓના પ્રથમ વિદ્યાર્થીઓને એકત્ર કરી ખૂબ જ પવિત્ર વાતાવરણમાં સન્માનિત કરવાનું ગૌરવ અને યશ ખરેખર આપના ટ્રસ્ટને ફાળે જાય છે. વિદ્યાર્થીઓ માટે પોતાની માતાના આશિષ અમૂલ્ય હોય જ છે. પરંતુ પૂ. 'મા' સર્વેશ્વરીના શુભાશિષથી આવતીકાલના ઘડવૈયાનું સર્વે કાર્ય મંગલદાયક બનશે તેવી અમોને પૂર્ણ શ્રદ્ધા છે.

આપનો આભારી
**એમ. એમ. વ્યાસ**

**પ્રતિભાવ-૧૩ : નવો ચીલો પાડતો સમારંભ**

ગુજરાતમાં માનવસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા પોતાની આગવી સુપ્રતિષ્ઠા ઊભી કરી, સફળતાનાં અનેક સોપાન સર કર-

નારી આ સંસ્થાને હાર્દિક અભિનંદન. તેજસ્વી વિદ્યાર્થી ભાઈબહેનોનું જાહેર સન્માન કરી, પ્રોત્સાહિત કરીને એક નવો ચીલો ચાતરવા બદલ આ સંસ્થાના નાના–મોટા સૌ સેવકોને અભિનંદન.

આ સંસ્થા સામાજિક સેવાનાં અનેક વધુ ક્ષેત્રોમાં સફળતાનાં વિવિધ શિખરો સર કરી પોતાની આગવી મહેંક ફેલાવે તેવી હાર્દિક શુભેચ્છાઓ.

ડૉ. પ્રમોદભાઈ મહેતા

### પ્રતિભાવ–૧૪ : વિશિષ્ટ સમારંભ

સમારોહ દરેક દૃષ્ટિએ વિશિષ્ટ અને અસાધારણ જણાયો. ગુજરાતના તપસ્વી સંત અને ટ્રસ્ટનાં માર્ગદર્શક પ. પૂ. શ્રી મા સર્વેશ્વરીની વિશેષ ઉપસ્થિતિમાં તેમના વરદહસ્તે વિદ્યાર્થીઓને પારિતોષિક પ્રાપ્ત થયાં એ એમના જીવનની ધન્ય ઘડી બની રહેશે. આ સમારંભની બીજી વિશેષતા એ હતી કે કોઈ પ્રધાન કે રાજકારણી વ્યક્તિને બદલે સાહિત્ય અને શિક્ષણક્ષેત્રમાં જીવનભર યોગદાન કરનાર સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈ અતિથિવિશેષ તરીકે પધાર્યા અને તેમણે પ્રેરક ઉદ્બોધન કર્યું. સમારંભના અધ્યક્ષ તરીકે પણ સમાજસેવક કેળવણીકાર પ્રિ. વાડીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા એ સમુચિત જણાયું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વાલીઓ, વડીલો એટલી મોટી સંખ્યામાં હાજર રહ્યા કે 'ભાઈકાકા હોલ' પણ નાનો પડયો. એ દિવસે મેઘરાજાએ પણ પ્રસન્નતાપૂર્વક અમીવર્ષા કરી. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાવર્ગને સમારંભને અંતે પ્રસાદ પ્રાપ્ત થયો એ પણ મોટી વાત છે. આવા અસાધારણ વિશિષ્ટ સમારંભો વિદ્યાર્થીવર્ગ અને સમાજને માટે ઉપકારક નીવડશે એમાં શંકાને કોઈ સ્થાન



નથી. અનેકવિધ સેવાકીય કાર્યોમાં પ્રવૃત્ત સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટની આ નૂતન પ્રવૃત્તિ પણ પ્રતિવર્ષ પાંગરતી રહે અને એના સુફળ આપણા સમાજને સમૃદ્ધ કરે એવી અભ્યર્થના.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

### પ્રતિભાવ–૧૫ : અનેરો ઉત્સવ

અમદાવાદના દહેશતભર્યા વાતાવરણમાં કેટલી હાજરી રહેશે તેવી શંકા મનમાં આવી પણ એક આચાર્ય તરીકે આવા સુંદર કાર્યક્રમમાં મોડો હોવા છતાં પણ ઉપસ્થિત થવા ગયો ત્યારે આશ્ચર્ય વચ્ચે "ભાઈકાકા ભવન"ની એક પણ બેઠક ખાલી ન હતી. ઘણા બધા શિસ્તબદ્ધ અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓ હોલની બહાર મોટી સંખ્યામાં બેઠા હતા. વ્યવસ્થાપકે મને અંદર દોરી જઈ સ્થાન અપાવ્યું.

અત્યારસુધી પોતાના શહેરના કે જ્ઞાતિના કે એક જ શાળાના વિદ્યાર્થીઓને સન્માનવાના કાર્યક્રમો યોજાય છે જ્યારે આ અનોખા પ્રસંગે ટ્રસ્ટદ્વારા ગુજરાતભરના ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને સન્માનવાનો પ્રથમ પ્રસંગ છે.

આખા સમારંભનું ઝળહળતું વ્યક્તિત્વ પરમ પૂજ્ય મા સર્વેશ્વરી રહ્યાં. ચાર કલાક સુધી કાર્યક્રમનું સંચાલન ચાલ્યું ત્યાંસુધી માનો પ્રભાવ સભાખંડમાં ઝળહળતો રહ્યો. દરેક વિદ્યાર્થીને સન્માની, આશીર્વાદ આપી, જાતે જ પ્રસાદ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યાં.

પ્રો. ભાસ્કરચંદ્ર દવે

### પ્રતિભાવ–૧૬ :

આ કાર્યક્રમ પ્રસંગે સ્ટેજ પર પ્રાતઃસ્મરણીય પ. પૂ. યોગેશ્વરનું સ્વરૂપ એ માત્ર સ્વરૂપ નહીં પરંતુ સાક્ષાત્ પ્રભુ આ કાર્યક્રમમાં

બિરાજ્યા હોય તેવી મને અનુભૂતિ થઇ.

કોઇ પણ સમાજના ઉત્થાન અને વિકાસમાં શિક્ષણ અને આરોગ્ય પાયાની બાબત છે. સર્વમંગલ ટ્રસ્ટે આ પાયાની બાબત ક્ષેત્રે કાર્યો હાથ ધર્યાં છે. પ્રો. મહેન્દ્ર બ. પટેલ

### પ્રતિભાવ-૧૭ : ભાવપૂર્ણ કાર્યક્રમ

મહાત્મા યોગેશ્વરજીની છત્રછાયા સર્વત્ર વર્તાતી હતી. મા સર્વેશ્વરીએ સમાજના ભાવિ નાગરિકોના ઘડતરમાં જે ફાળો આપ્યો તે અમૂલ્ય છે. "મા સર્વેશ્વરી માતાજીએ આંબા રોપ્યા, ને સમાજ તેની કેરીઓ ખાશે." પ્રો. રમાબહેન જે. પટેલ

### પ્રતિભાવ-૧૮ :

પ્રતિભાવોને પાંગરવા માટે આવા પ્રસંગો અનુકૂળ વાતાવરણ પૂરું પાડતા હોય છે એમાં કોઇ શંકા નથી. આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન. પ્રો. વિજય પંડયા

### પ્રતિભાવ-૧૯ : બૌદ્ધિકતા સાથે આધ્યાત્મિકતાનો યોગ

પૂ. શ્રી માની એક આગવી અનોખી રીત છે. છોડને જ વ્યવસ્થિત ઉછેરીએ તો તે છોડ વટવૃક્ષ બનતાં સમાજને તેના મીઠાં જ ફળ મળે. જે ૫૪ વિદ્યાર્થીઓએ સારી રીતે મા શ્રી સરસ્વતીનો યોગ સાધ્યો છે તેમને યોગ-જ્યોત ગૌરવ પારિતોષિક આપવાનું છે.

ઘડિયાળનો કાંટો ચાર વાગવાને આંબી રહ્યો છે. ભાઇકાકા હોલ આમંત્રિત મહેમાનો, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ભક્તવૃંદોથી ભરચક થઇ ગયો છે. તેની બહાર મોટો પડદો મૂકાયો છે. જેથી બહાર બેઠેલા વ્યક્તિઓ પણ કાર્યક્રમને વ્યવસ્થિત રીતે જોઇ શકે. તેની સામે પણ બધા ગોઠવાઇ ગયા છે. આમ છતાં



ખૂબ શિસ્ત વર્તાઇ રહી છે. કોઇ સામાન્ય સમારંભથી વિશેષ અને અલગ જ એવો આ સમારંભ છે.

આ પુરસ્કારની વિશેષતા એ છે કે સ્વયં પૂ. મા જ "યોગ-જ્યોત ગૌરવ"નું શિલ્ડ એનાયત કરે છે. પૂ. માની કેવી નમ્રતા? પોતાની બેઠક પરથી ઉભાં થઇ સ્વયં પ્રત્યેક વિદ્યાર્થીને પુરસ્કાર આપી રહ્યાં છે. આવનાર પ્રત્યેક વિદ્યાર્થીને હાસ્ય સાથે મૂક આશીર્વાદ પ્રદાન કરી રહ્યાં છે. વિદ્યાર્થીઓને પારિતોષિક મેળવ્યા-નો આનંદ છે તેનાથી વિશેષ પૂ. માને આપવાનો આનંદ છે. જાણે પૂ. માની મૌન વાણી કહી રહી છે કે જ્ઞાન એ જ પ્રકાશ છે. **तमसो मा ज्योतिर्गमय**નું સ્થૂળ સ્વરૂપ પૂ. મા બન્યાં છે. પૂ. માએ આ વિદ્યાર્થી જગતને સુંદર સંદેશો ધર્યો. જે કોઇએ પણ ના ભૂલવો જોઇએ.

સર્વમંગલના ટ્રસ્ટીઓ પણ કેવું ઉદાત્ત કાર્ય કરી શકે છે તેનું પણ અનુકરણીય ઉદાહરણ શ્રી બિપીનભાઇએ પૂરું પાડયું છે. અહીં જે ૫૪ વિદ્યાર્થીઓ આવ્યા છે તેમને તેમના તરફથી 'અધ્યાત્મ'ના આજીવન સભ્ય બનાવ્યા. પૂ. મા જ આવા સુ-વિચારોનું સંક્રમણ કરી રહ્યાં છે.

બૌધિકતા સાથે આધ્યાત્મિકતા પણ આજના યુગની માંગ છે એ પૂ. માએ પૂરી પાડી છે.

સાચે જ આપણામાં પણ પૂ. માએ શું દીઠું કે સતત આટલા કલાકની હાજરી આપી સાન્નિધ્ય ધર્યું? સતત બીજાનું હિત-મંગલ જ ઇચ્છી સત્યના રાહે-પ્રભુના માર્ગે દોરનાર પૂ. માનાં દરેક કાર્યો હંમેશાં શુભ અને મંગલ જ હોય. જીવનમાં જેની જરૂર છે તેને બિરદાવી, આગળ ધપાવી પૂ. માએ આ બાળકોને

સુંદર રાહ બતાવ્યો છે. રાહ બતાવી એ પથ ઉપર આગળ વધવામાં પૂ. માનો હંમેશા ટેકો હશે જ એમાં કોઇ બેમત ના હોઇ શકે. અંતે જે સ્વયં 'યોગ–જ્યોત' છે અને પ્રભુનું 'ગૌરવ' છે એવાં પૂ. મા સાથે જ આપણો કાયમનો યોગ સધાય તેવી પ્રભુને પ્રાર્થના છે.

*** પારકું અન્ન ખાવું નહીં કારણ કે: ***

૧. અયોગ્ય કમાણીનું અન્ન ખાવાથી અંતઃકરણ મલિન થાય છે.

૨. બીજાના ઘરનું ખાવાની ટેવ પડતાં, આપણા ઘરનું વૈશ્વદેવાદિ ધર્મકર્મ પણ નષ્ટ થવા લાગે છે.

૩. આપણી ઉદારતા ઓછી થતી જાય છે, ક્ષુદ્રતા વધવા પામે છે.

૪. બીજાના ઘરમાં રોજ ખાનાર પ્રત્યે સર્વ તિરસ્કાર દૃષ્ટિ થઇ જાય છે.



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ)

શ્રીયોગેશ્વરજી

### ઘટનાક્રમ

તંદ્રાવસ્થા તૂટયા પછી વસુદેવને ભાન થયું કે પોતે કંસના કારાવાસમાં બંદી છે.

એમનું અંતર આક્રંદ કરી ઊઠયું.

અંગ ધ્રૂજી રહ્યું.

આજુબાજુ તોતિંગ કાળદૂત જેવી દયાહીન દીવાલોને દેખીને એમને કાંઇનું કાંઇ થઇ ગયું.

એ દીવાલોએ એમના અનેકાનેક આશાભર્યા જ્યોતિર્મય જીવનને રૂંધી નાખેલું અને અંધકારથી આવૃત્ત કરેલું.

એ દીવાલોને ઠેકીને કે ભેદીને બહાર નીકળવાનું મુશ્કેલ હતું. એકદમ અસંભવ.

એને માટેનો પ્રયત્ન પણ આત્મઘાતક થઇ પડે તેમ હતો.

કોણ જાણે કેટલા બધા લાંબા વખત લગી હજુ પોતાને પોતાની પત્ની દેવકી સાથે આ જ ક્લેશયુક્ત કારાવાસમાં વાસ કરવાનો હતો.

એમાંથી બહાર નીકળી શકાશે કે એમાં જ સબડવું ને મરવું પડશે તે પણ કોને ખબર?

હા, કાલની—અરે, એક પળ પછીની ખબર કોને પડે છે?

એમની અંતર–આંખની આગળ ભૂતકાળનો કરુણ–આર્ત

કરુણ ઘટનાક્રમ હાજર થવા માંડયો.

એ ક્રમ કેટલો બધો અનેરો, અકલ્પનીય અથવા અદ્ભુત હતો?

* * *

એ વખતની પરિસ્થિતિ કેટલી બધી અસાધારણ હતી?

કાંધારથી આસામ સુધી અને કાશ્મીરથી માંડીને સહ્યાદ્રિ પર્વતમાળા સુધી તથા સમસ્ત દક્ષિણ તેમ જ ઉત્તર પ્રાંતોમાં જુદા જુદા ક્ષત્રિય રાજાઓનું શાસન હતું. એ સઘળા રાજાઓ સ્વાધીન હતા. કોઇ રાજા ચક્રવર્તી ન હતો.

બધાં રાજ્યો ધનધાન્યથી પૂર્ણ તથા પ્રતાપી કે શક્તિશાળી હોવા છતાં મગધ દેશના રાજા જરાસંધનું રાજ્ય સમૃદ્ધ ને શક્તિશાળી ગણાતું.

એના પરાક્રમની ધાક સર્વત્ર પ્રસરી ચૂકી હોવાથી બધાં રાજ્યોને એનો ભય હતો.

જરાસંધે કેટલાય રાજાઓને જીતીને કેદ કરી રાખેલા.

એને પોતાની શક્તિનું અભિમાન હતું.

એને ચક્રવર્તી બનવાની લાલસા હતી.

ચેદિ દેશના રાજા શિશુપાલ જેવા બીજા કેટલાય રાજાઓ એના સુહૃદ અને સાથી બનેલા.

એ સમયે શૂરસેનકુલોત્પન્ન રાજા ઉગ્રસેનનું ઉત્તર ભારતના શૂરસેન પ્રદેશમાં રાજ્ય હતું.

શૂરસેન મથુરા, મધુવન કે મધુપુરી પણ કહેવાતું.

એ રાજ્ય સમુન્નતિ અથવા સમૃદ્ધિના શિખરે વિરાજેલું.



એ અતિશય સંપત્તિશાળી તથા વાણિજ્યના કેન્દ્રરૂપ હોવાથી એની ખ્યાતિ સર્વત્ર ફેલાઇ ગયેલી.

મોટાં મોટાં ગગનચૂંબી રમણીય રાજપ્રાસાદો મથુરાની શોભામાં અભિવૃદ્ધિ કરતા, રાજ્યનું જયગાન ગાતા, જોવા મળતા.

એની મધ્યમાં થઇને કમનીય કટિમેખલા જેવી નિર્મળ યમુના સુમધુર સંગીતસ્વર છોડતી અપ્રતિહત વેગે વહ્યે જતી.

એ એને અજબ સૌંદર્ય પ્રદાન કરતી.

રાજા ઉગ્રસેન પ્રજાપાલક, દયાળુ, પ્રતાપી, વિદ્યાવ્યાસંગી, વીર અને નિર્ભય હતો.

સ્નિગ્ધ તથા સરળ સ્વભાવવાળો, સત્ય ને મધુર ભાષણથી લોકપ્રિય બનેલો ઉગ્રસેન ગુણગ્રાહક પણ હોવાથી, એને ત્યાં વિભિન્ન કળાકુશળ શિલ્પી, ચિત્રકાર, નટ, વિદ્વાન, પંડિત, કવિ, વીર તથા મલ્લો વાસ કરતા.

એ સૌનો આશ્રયદાતા બનતો, સૌને સન્માનતો અને આવશ્યકતાનુસાર આદર આપતો.

પરંતુ એવા ગુણાનુરાગી પ્રજાપાલક રાજાની કારકીર્દિ પ્રજાના જ કમભાગ્યે વધારે વખત સુધી રહેવા માટે નહોતી સરજાઇ.

એના પુત્ર કંસે રાજ્યોપભોગની હીન કામનાથી પ્રેરાઇને રાજ્યને પોતાના અધિકારમાં લેવાના કીમિયા કર્યાં.

કંસ વીર, બુદ્ધિશાળી અને પરાક્રમી હોવા છતાં નિર્દય, પાપી, લોભી અને અવિચારી હતો.

પોતાના રાજ્યને હસ્તગત કરવાના જાતજાતના ને ભાત-

ભાતના કીમિયા નિષ્ફળ જવાથી, એક દિવસ પિતા ઉગ્રસેનને કેદ કરીને એ પોતે જ ગાદી પર બેસી ગયો.

ઉગ્રસેને એને સમજાવવાના કેટલાય પ્રયત્નો કરી જોયા તોપણ એ ના સમજ્યો.

ઉગ્રસેનનું જીવન દુઃખી બની ગયું.

એને માટે આજીવન કંસના કારાવાસમાં સબડવાનું જ શેષ રહ્યું.

એની જગ્યાએ કોઇ બીજો હોત તો કંસ એને જીવતો ના રહેવા દેત, પરંતુ ઉગ્રસેનની વાત જુદી હતી.

એ એનો પિતા હતો માટે નહિ પરંતુ સમસ્ત પ્રજા એને પ્રેમ કરતી અને પૂજ્યભાવે જોતી એટલા માટે પ્રજામાં અધિક ઉશ્કેરાટ ના ફેલાવવાની ઇચ્છાથી એણે એને જીવતો રાખ્યો.

તોપણ એ કુકર્મની પ્રતિક્રિયા મથુરાની પ્રજા પર ઘણી ખરાબ પડી.

એનો અસંતોષ વધી ગયો.

કંસ રાજ્યપ્રાપ્તિ પછી વધારે અહંકારી અને ઉદ્દંડ બનીને પ્રજા પર અનેક પ્રકારના અત્યાચાર કરવા લાગ્યો, એથી પ્રજાના બધા જ વર્ગો વિક્ષુબ્ધ બન્યા કે ત્રાસી ગયા.

મથુરાના લોકનાયક વસુદેવે અસંતુષ્ટ રુષ્ટ પ્રજાનું નેતૃત્વ ગ્રહણ કરીને કંસની સામે મોરચો માંડયો.

પ્રજાનો વસુદેવ પર પ્રેમ હતો અને વસુદેવને ઉગ્રસેનને માટે ઊંડો આદરભાવ. (ક્રમશઃ)

## ✻ ઈશ્વર વિના તારું કોઇ નથી. ✻

હે મન! તું એ ભૂલીશ નહીં. એને યાદ રાખીને 'મા'ના પ્રેમની ઝંખના કરી હરહંમેશ 'મા'ના સાન્નિધ્યમાં શાંતિ પામજે. હે માનવ! તું પણ દુઃખના ડુંગરથી શા માટે ગભરાય છે? સંકટોને નિવારવા તું કોનું શરણું શોધે છે? ઈશ્વર વિના તારું કોઇ નથી. તારાં સંકટોને દૂર કરવાની શક્તિ બીજા કોઇમાં નથી. એમ સમજીને એક ઈશ્વરનું જ શરણ લે. એ શરણનો ચમત્કાર તેં હજી જોયો નથી. એટલે જ દુઃખથી ડરી જઇ, દુન્યવી વ્યક્તિ ને વસ્તુનું શરણ શોધતો તું ભમ્યા કરે છે. એ રીત ખોટી છે. ઈશ્વરના દ્વારે પોકાર કર. ઈશ્વરની કરુણામાં શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક એનો આશ્રય લે. તેને માટે પ્રાર્થના કર, રડ ને તલસ, તો તારાં નાનામાં નાનાં લૌકિક દુઃખોથી માંડીને મોટામાં મોટાં પારમાર્થિક દુઃખો પણ દૂર થઇ જશે. જીવનની પહેલી પચ્ચીસીમાં મેં ઈશ્વરનું શરણ લઇને હિમાલયમાં હાડ ગાળ્યાં છે, ખીસ્સામાં ફૂટી બદામ પણ ના હોય એ અવસ્થામાં ઈશ્વરની આરાધના કરી છે, કોઇનો આશ્રય લીધા વિના, કોઇની પાસે હાથ લંબાવ્યા વિના કે શાસ્ત્રમાં જેની રજા આપી છે તે ભિક્ષા પણ માગ્યા વિના, વરસ પર વરસ મેં 'મા' પર શ્રદ્ધા રાખીને તેના પ્રેમમાં તરબોળ થતાં ઋષિમુનિની દિવ્ય ભૂમિમાં પસાર કર્યાં છે; છતાં પણ મને આનંદ છે. તેણે મારી પૂરતી સંભાળ લીધી છે. તપ કે વ્રતનું કોઇ બળ ના હોવા છતાં, કેવળ શરણાગત થવાથી 'મા'એ મારો વાળ પણ વાંકો થવા દીધો નથી.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * પરમાત્મા સૌના ગુરુ છે. *

પરમાત્મા સૌના ગુરુ છે. પણ એ તો એક આદર્શ અથવા સિદ્ધાંત છે. પરમાત્મા સૌના ગુરુ છે એ સિદ્ધાંતની દૃષ્ટિએ તદ્દન સાચું છે પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ બરાબર નથી. માણસ જો નમ્ર ને પ્રામાણિક બનીને વિચાર કરશે તો તેને સ્પષ્ટ સમજાશે કે ઈશ્વરની ઈચ્છા, ઈશ્વરનો સંદેશ કે ઈશ્વરની પ્રેરણા પ્રમાણે તેનું જીવન ચાલતું નથી. અહંકાર, દંભ, કામ, ક્રોધ ને મમતા તેમ જ આસક્તિના આવરણમાં માણસ ઢંકાયેલો છે. એટલે ઈશ્વરનો સાચો સંદેશ ઝીલી કે સાંભળી શકતો નથી. તે તો પોતાના મલિન મન ને સ્વભાવથી જ આજ્ઞા કે પ્રેરણા પ્રમાણે વર્તે છે. તે મહાગુરુ–વિશ્વગુરુ પરમાત્માની સાથે તો તેનો સંબંધ જ ક્યાં છે? જ્યારે તે મમતા, અહંકાર ને આસક્તિને ખંખેરી કાઢશે, ને ઈશ્વર તરફ ગમન કરીને શુદ્ધ સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત થશે ત્યારે ઈશ્વરી સંદેશ સાંભળી શકશે, ને ઈશ્વરી પ્રેરણા પ્રમાણે જ જીવન ઘડી શકશે. મહાપુરુષોનાં જીવન આ જ રીતે ઘડાતાં હોય છે. તેથી જ તેઓ કહી શકે છે કે ઈશ્વર તેમના ગુરુ છે, ને તેના આદેશ પ્રમાણે તે જીવે છે. સાધારણ માણસમાં અનુભવની આટલી અવસ્થા ક્યાં છે? મનની વૃત્તિ, સ્ત્રી, ધન અને એવા તો કેટલાય પદાર્થો તેના પર સત્તા જમાવીને તેને નચાવે છે. ઈશ્વરની સત્તાનો સંપર્ક તેને ક્યાં છે?

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.